બુધવાર, 11 ફેબ્રુઆરી, 2026 મહા વદ નોમ
“વડોદરાથી પ્રસિદ્ધ થતું નિડર અને નિષ્પક્ષ અખબાર”
ન્યાય ક્ષેત્રે વડોદરા રહેશે.




દૈનિક પલ્સ સાથે આગળ રહો....

# દૈનિક પલ્સ

માલિક, મુદ્રક, પ્રકાશક, તંત્રી : પ્રકાશ જગદીશ રાવલ ✻ મો :૯૯૦૯૯૧૧૧૭૫ ✻ RNI NO : GJGUJ/25/A1447 ✻ Vist : www.dailypulse.org.in
રજીસ્ટર ઑફિસે : ૧૧/૩ સિદ્ધેશ્વર હોલમાર્ક, અજવા રોડ, વડોદરા ૩૯૦૦૧૯ ✻ Follow : @dailypulsenews24 ✻ દૈનિક સોશ્યિલ આવૃત્તિ ✻ કિંમત : મફત

## વડોદરા: શિવજી કી સવારીના રૂટ પર પોલીસ દ્વારા ટ્રાફિક ડાયવર્ઝન અને જાહેરનામું પ્રસિદ્ધ

**વડોદરા:** આગામી ૧૫ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ વડોદરામાં મહાશિવરાત્રિના પર્વે "સત્યમ શિવમ સુંદરમ" પરિવાર દ્વારા પરંપરાગત "શિવજી કી સવારી" નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. આ ઉત્સવમાં હજારોની મેદની એકત્રિત થતી હોવાથી શહેરની ટ્રાફિક વ્યવસ્થા ખોરવાય નહીં તે માટે વડોદરા શહેર પોલીસ કમિશનર દ્વારા મહત્વનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. નાગરિકોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ યાત્રા દરમિયાન રૂટ પરના રસ્તાઓનો ઉપયોગ ટાળે.

યાત્રાનો સમય અને રૂટની વિગત: શોભાયાત્રા ૧૫ ફેબ્રુઆરીએ બપોરે ૩:૩૦ વાગ્યે વાડી વિસ્તારમાં આવેલા રણમુક્તેશ્વર મહાદેવ મંદિરથી નીકળશે. આ યાત્રા વિહાર સિનેમા, નાની શાક માર્કેટ, ચોખંડી ચાર રસ્તા, ગેંડીગેટ અને માંડવી થઈ એમ.જી. રોડ પર પહોંચશે. ત્યાંથી લહેરીપુરા દરવાજા, લાલકોર્ટ, રાજમહેલ રોડ, ખંડેરાવ માર્કેટ, દાંડિયાબજાર અને સુરસાગરની પાળ થઈ રાવપુરા રોડ પર આગળ વધશે. યાત્રાનો અંત રાત્રિના ૧૦ વાગ્યે કૈલાસપુરી ખાતે થશે. ટ્રાફિક અને પાર્કિંગના નિયમો: પોલીસના જાહેરનામા મુજબ, ૧૫ ફેબ્રુઆરીએ બપોરે ૧ વાગ્યાથી લઈને યાત્રા પૂર્ણ થાય ત્યાં સુધી સમગ્ર રૂટ પર 'નો-પાર્કિંગ' જાહેર કરવામાં આવ્યું છે. રસ્તાની બંને બાજુએ પાર્ક કરેલા વાહનોને ટ્રાફિક પોલીસ દ્વારા હટાવવામાં આવશે. આ ઉપરાંત, યાત્રા જેમ-જેમ મુખ્ય સર્કલો અને ચાર રસ્તા પરથી પસાર થશે, તેમ-તેમ જે-તે માર્ગને વાહનો માટે બંધ (નો-એન્ટ્રી) કરવામાં આવશે.

વૈકલ્પિક વ્યવસ્થા: શહેરના પૂર્વથી પશ્ચિમ કે ઉત્તરથી દક્ષિણ ભાગમાં જતા વાહનચાલકોએ સીટી એરિયાના મુખ્ય રસ્તાઓ ટાળીને રિંગ રોડ અથવા અન્ય વૈકલ્પિક માર્ગો પસંદ કરવા સલાહ આપવામાં આવે છે. ખાસ કરીને માંડવી, રાવપુરા અને કોઠી વિસ્તારમાં બપોર બાદ ટ્રાફિકની ગંભીર સમસ્યા સર્જાઈ શકે છે.

મુક્તિ અને સુરક્ષા: આ જાહેરનામામાંથી ઇમરજન્સી સેવાઓને મુક્તિ આપવામાં આવી છે. એમ્બ્યુલન્સ, ફાયર બ્રિગેડ અને પોલીસ બંદોબસ્તના વાહનોને યાત્રા દરમિયાન પણ અવરજવર માટે અગ્રતા આપવામાં આવશે. પોલીસ તંત્ર દ્વારા યાત્રાના રૂટ પર સીસીટીવી અને ડ્રોન દ્વારા નજર રાખવામાં આવશે જેથી કોઈ અનિચ્છનીય બનાવ ન બને. શ્રદ્ધાળુઓને આસ્થા સાથે વ્યવસ્થા જાળવવામાં સહકાર આપવા અપીલ કરવામાં આવી છે.



**ભારત અને પાકિસ્તાન વચ્ચે ૧૫ ફેબ્રુઆરીએ T20 વર્લ્ડ કપનો હાઈ-વોલ્ટેજ મુકાબલો રમાશે. શ્રીલંકા અને બાંગ્લાદેશની વિનંતી બાદ પાકિસ્તાન સરકારે આ મેચ રમવા માટે સત્તાવાર મંજૂરી આપી દીધી છે. આ મેચ શ્રીલંકાના કોલંબોમાં રમાશે.**

## ડેસરમાં મેરા દાદા મંદિરનો ૧૧મો પ્રતિષ્ઠા દિવસ ઉજવાયો

**દૈનિક પલ્સ સમાચાર:** ડેસર ગામમાં આજે આસ્થા અને ઉમંગ સાથે મેરા દાદાના મંદિરનો ૧૧મો પ્રતિષ્ઠા દિવસ ઉજવવામાં આવ્યો હતો. છેલ્લા એક દાયકાથી વધુ સમયથી ચાલી આવતી પરંપરા મુજબ ગ્રામજનો દ્વારા આ પાટોત્સવનું ભવ્ય આયોજન કરાયું હતું. દિવસની શરૂઆત સિધ્ધનાથ મહાદેવના મંદિરેથી નીકળેલી ભવ્ય શોભાયાત્રાથી થઈ હતી. આ શોભાયાત્રા ડેસર બજાર, પુનિત ચોક, નાની ભાગોળ અને બ્રાહ્મણ ફળિયામાં ફરી હતી, જ્યાં ઠેર-ઠેર ભક્તોએ સ્વાગત કર્યું હતું.

શોભાયાત્રા મેરા દાદાના મંદિરે પહોંચ્યા બાદ ભાવિકોએ દાદાની વિશેષ આરતી અને દર્શનનો લાભ લીધો હતો. સમગ્ર વાતાવરણ ભક્તિમય બની ગયું હતું. બપોરે તમામ ભક્તો માટે મહાપ્રસાદીની વ્યવસ્થા કરવામાં આવી હતી. ઉત્સવના અંતિમ ચરણમાં સાંજે ભજન અને પાઠના કાર્યક્રમો યોજાયા હતા, જેમાં કલાકારોએ ભક્તિની સરવાણી વહાવી હતી. આ ધાર્મિક મહોત્સવમાં કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે વ્યવસ્થા જાળવવામાં આવી હતી અને સમગ્ર આયોજન ખૂબ જ શિસ્તબદ્ધ રીતે પૂર્ણ થયું હતું. **રિપોર્ટ : કિરણસિંહ સોલંકી**



## વડોદરા: સ્પોર્ટ્સ સ્કૂલમાં પ્રવેશ માટે બે દિવસીય પસંદગી શિબિર

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે ૧૦ અને ૧૧ ફેબ્રુઆરી દરમિયાન ‘જિલ્લા કક્ષા સ્પોર્ટ્સ સ્કૂલ’ (DLSS) માં પ્રવેશ માટેની મહત્વની પસંદગી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જિલ્લા રમત વિકાસ અધિકારીની કચેરી દ્વારા આયોજિત આ શિબિરમાં અંદાજે ૪૦૦ થી વધુ ઉત્સાહી ખેલાડીઓએ ભાગ લીધો હતો. પસંદગી પ્રક્રિયા દરમિયાન ખેલાડીઓની ક્ષમતા માપવા માટે કુલ ૮ વૈજ્ઞાનિક ટેસ્ટ લેવામાં આવ્યા હતા. જેમાં ૩૦ મીટર ફ્લાઈંગ સ્ટાર્ટ, સ્ટેન્ડિંગ બ્રોડ જમ્પ, ૪૦૦ મીટર દોડ, વર્ટિકલ જમ્પ, બેન્ડ એન્ડ રીચ, શટલ રન અને શારીરિક માપદંડોનો સમાવેશ થાય છે. આ ટેસ્ટના મેરિટના આધારે શ્રેષ્ઠ પ્રદર્શન કરનાર ખેલાડીઓને પ્રવેશ આપવામાં આવશે.

DLSS માં પ્રવેશ મેળવનાર ખેલાડીઓને સરકાર તરફથી અનેક સુવિધાઓ મફત મળશે. જેમાં શિક્ષણ ફી, હોસ્ટેલ નિવાસ, અને ડાયેટિશિયન દ્વારા તૈયાર કરેલ પૌષ્ટિક આહારનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, ખેલાડીઓને સ્પોર્ટ્સ કીટ, માસિક સ્ટાઈપેન્ડ, મેડિક્લેમ અને આધુનિક સાધનો સાથેની ઘનિષ્ઠ તાલીમ આપવામાં આવશે. આ શિબિર દ્વારા પસંદ થયેલા તેજસ્વી ખેલાડીઓ આગામી સમયમાં રાજ્ય કક્ષાની સ્પર્ધાઓમાં વડોદરાનું પ્રતિનિધિત્વ કરશે અને આંતરરાષ્ટ્રીય ફલક પર ગુજરાતનું નામ રોશન કરવા માટે પાયાની તાલીમ મેળવશે.



**વડોદરાના માંજલપુર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે જિલ્લા કક્ષાની સ્પોર્ટ્સ સ્કૂલ (DLSS) માં પ્રવેશ માટે બે દિવસીય પસંદગી શિબિર યોજાઈ હતી. જેમાં ૪૦૦થી વધુ ભાઈ-બહેનોએ ૮ વિવિધ વૈજ્ઞાનિક ટેસ્ટ આપી પોતાની ક્ષમતાનું પ્રદર્શન કર્યું હતું. પસંદ થયેલા ખેલાડીઓને સરકાર તરફથી મફત રહેવા-જમવા અને તાલીમની સુવિધા મળશે.**

## વડોદરા: ખોડિયારનગરમાં ટેન્કરનું ટાયર ફાટતા ભયાનક અકસ્માત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના ખોડિયારનગરથી દરજીપુરાને જોડતા મુખ્ય માર્ગ પર ગત 9 ફેબ્રુઆરીએ એક ગમખ્વાર અકસ્માતની ઘટના બની હતી. પાણીના ટેન્કર સાથે જઈ રહેલા એક ટ્રેક્ટરનું ટાયર અચાનક ફાટતા ચાલકે સ્ટેરિંગ પરથી કાબૂ ગુમાવી દીધો હતો. બેકાબૂ બનેલું ટેન્કર રોડની બીજી તરફથી આવતા ટેમ્પો સાથે ધડાકાભેર અથડાયું હતું. આ અકસ્માતના સીસીટીવી ફૂટેજ સોશિયલ મીડિયામાં વાયરલ થયા છે, જેમાં અકસ્માતની તીવ્રતા સ્પષ્ટ દેખાય છે.

ઘટના સમયે આસપાસના લોકો દોડી આવ્યા હતા અને શરૂઆતમાં ટ્રેક્ટર ચાલક પ્રત્યે રોષ વ્યક્ત કર્યો હતો, પરંતુ અકસ્માતનું કારણ ટાયર ફાટવું હોવાનું બહાર આવતા લોકો શાંત પડ્યા હતા. ઉલ્લેખનીય છે કે, આ માર્ગ પર પાલિકા દ્વારા ડ્રેનેજ લાઈનનું કામ ચાલતું હોવાથી એક બાજુનો રસ્તો બંધ છે, જેના કારણે ટ્રાફિકનું ભારણ એક જ લેન પર રહે છે. આ મામલે પાલિકાના ડ્રેનેજ પ્રોજેક્ટના કાર્યપાલક ઈજનેરે જણાવ્યું હતું કે, ખોડિયારનગર જંકશન પાસે નવીન ડ્રેનેજ લાઈનની કામગીરી પ્રગતિ હેઠળ છે અને સલામતી માટે બેરિકેડિંગ પણ કરવામાં આવ્યું છે. તેમણે મીડિયામાં ચાલતા અહેવાલોનું ખંડન કરતા કહ્યું કે, અકસ્માત ડ્રેનેજની કામગીરીને લીધે નહીં પરંતુ ટેન્કરનું ટાયર ફાટવાને કારણે અને ટ્રેક્ટરનું સંતુલન બગડવાને કારણે થયો છે. જેસીબીની મદદથી વાહનો હટાવી માર્ગ ખુલ્લો કરાયો હતો.

**વડોદરાના ખોડિયારનગરથી દરજીપુરા રોડ પર પાણીના ટેન્કરનું ટાયર ફાટતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. ચાલકે કાબૂ ગુમાવતા ટેન્કર સામેથી આવતા ટેમ્પો સાથે ધડાકાભેર અથડાયું હતું. ડ્રેનેજની કામગીરીને કારણે વન-વે રોડ પર બનેલી આ ઘટના સીસીટીવીમાં કેદ થઈ છે.**



## ભાડેર-મોણવેલ રોડ અને પુલના કામનું ખાતમુહૂર્ત કરાયું

**દૈનિક પલ્સ સમાચાર:** ધારી-ખાંભા-બગસરા વિધાનસભા વિસ્તારમાં વિકાસની ગતિને વેગ આપતા ધારાસભ્ય જે.વી. કાકડિયાએ વધુ એક મહત્વના કામનું ખાતમુહૂર્ત કર્યું છે. ભાડેરથી મોણવેલ જવાના મુખ્ય માર્ગ પર 7 કરોડ રૂપિયાના ખર્ચે વિવિધ કામો હાથ ધરવામાં આવશે. આ પ્રોજેક્ટ અંતર્ગત રસ્તામાં આવતા તમામ નાના-મોટા નાળાનું નવીનીકરણ કરવામાં આવશે અને સાથે જ આખા રોડનું રિસ્ફેસિંગ કામ પણ પૂર્ણ કરાશે. આ પ્રસંગે ભાજપના સ્થાનિક સક્રિય આગેવાનો અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. ધારાસભ્ય જે.વી. કાકડિયાએ જણાવ્યું હતું કે, તાલુકાના કોઈપણ વિસ્તારમાં રસ્તા કે પુલની સુવિધા બાકી ન રહી જાય તે માટે તેઓ સતત પ્રયત્નશીલ છે. ચોમાસા દરમિયાન નાળાને કારણે વાહનવ્યવહારમાં પડતી મુશ્કેલીઓ આ નવા પ્રોજેક્ટથી દૂર થશે. ગ્રામીણ જનતાએ આ વિકાસલક્ષી કામગીરીને આવકારી હતી અને ધારાસભ્યનો આભાર માન્યો હતો.



રિપોર્ટ : સરફરાઝ ખોખર

તમારી આસપાસ બનતી કોઈ પણ ઘટના, સમાચાર અથવા વ્યવસાયની જાહેરાત આપવા માટે આજે જ અમારો સંપર્ક કરો. ૯૯૦૯૯૧૧૧૭૫

# વડોદરામાં મતદાર યાદીમાં ગેરરીતિના આક્ષેપ સાથે કોંગ્રેસનું વિરોધ પ્રદર્શન

## વડોદરા: ફોર્મ નં. 7 ના નામે મતદારોના નામ કાપવાનું ષડયંત્ર?

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં મતદાર યાદી સુધારણા પ્રક્રિયા દરમિયાન સાચા મતદારોના નામ કાપવા માટે 'ફોર્મ નંબર 7' નો હથિયાર તરીકે ઉપયોગ થઈ રહ્યો હોવાના આક્ષેપ સાથે શહેર કોંગ્રેસે ઉગ્ર વિરોધ નોંધાવ્યો છે. શહેર કોંગ્રેસ પ્રમુખ ઋત્વિજ જોષીની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકરોએ પોલીસ કમિશનર કચેરીએ પહોંચી 'વોટ ચોરો પર કેસ કરો' ના નારા લગાવી વાતાવરણ ગજવ્યું હતું.

કોંગ્રેસનો મુખ્ય આક્ષેપ છે કે વડોદરાની પાંચેય વિધાનસભા બેઠકો પર અંદાજે 47 હજાર જેટલી વાંધા અરજીઓ રજૂ કરવામાં આવી છે. આ અરજીઓનો હેતુ વિરોધ પક્ષના મતોને યાદીમાંથી દૂર કરવાનો છે. ઋત્વિજ જોષીએ પુરાવા રજૂ કરતા જણાવ્યું કે, "અમે જ્યારે આ વાંધા અરજીઓનું વિશ્લેષણ કર્યું ત્યારે જાણવા મળ્યું કે વાંધા લેનારા 90% લોકો ભાજપના વર્તમાન કોર્પોરેટરો, પૂર્વ કોર્પોરેટરો અને સંગઠનના હોદ્દેદારો છે. આ લોકોએ જાણીજોઈને ખોટી વિગતો ભરીને લોકશાહીનું ગળું દબાવવાનો પ્રયાસ કર્યો છે."

વધુમાં તેમણે વહીવટી તંત્રની નિષ્ક્રિયતા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, કલેક્ટર અને ERO ને અનેકવાર પુરાવા આપ્યા હોવા છતાં તેઓ કોઈ પગલાં લેવા તૈયાર નથી. ચૂંટણી પંચના નિયમો મુજબ ફોર્મ નંબર 7 માં ખોટી માહિતી આપવી એ ફોજદારી ગુનો છે, જેમાં એક વર્ષની સજા અને એક લાખથી વધુના દંડની જોગવાઈ છે. કોંગ્રેસે પોલીસ કમિશનરને માંગ કરી છે કે આ કોઈ સામાન્ય ગુનો નથી પણ દેશની લોકશાહી વ્યવસ્થા સાથેની છેતરપિંડી છે, તેથી જવાબદારો સામે રાષ્ટ્રદ્રોહનો ગુનો દાખલ થવો જોઈએ. તેમણે ચેતવણી આપી છે કે જો યોગ્ય તપાસ નહીં થાય તો કોંગ્રેસ આગામી દિવસોમાં આંદોલન વધુ તેજ બનાવશે. આ રજૂઆત બાદ વડોદરાના રાજકીય આલમમાં ભારે ગરમાવો જોવા મળી રહ્યો છે.



**વડોદરા શહેર કોંગ્રેસે મતદાર યાદી સુધારણા પ્રક્રિયામાં મોટા પાયે ગેરરીતિ થઈ હોવાના આક્ષેપ કર્યા છે. શહેર પ્રમુખ ઋત્વિજ જોષીના નેતૃત્વમાં પોલીસ કમિશનરને આવેદનપત્ર આપીને જણાવાયું હતું કે, ફોર્મ નંબર 7 ના નામે 47 હજાર જેટલી ખોટી વાંધા અરજીઓ દાખલ કરાઈ છે. કોંગ્રેસનો દાવો છે કે વાંધા લેનારાઓમાં 90% ભાજપના કોર્પોરેટરો અને પૂર્વ કોર્પોરેટરો છે. તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ન થતા કોંગ્રેસે જવાબદારો સામે રાષ્ટ્રદ્રોહ અને ફોજદારી ગુનો દાખલ કરવાની માંગ કરી છે અને વોટ ચોરો સામે કડક પગલાં લેવા આહવાન કર્યું છે.**

# નર્મદા: રોલ ઓબ્ઝર્વર સંદીપ સાંગલેએ મતદારયાદીની સમીક્ષા કરી

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લામાં ભારતીય ચૂંટણી પંચના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલા 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (SIR) કાર્યક્રમની સમીક્ષા કરવા માટે રોલ ઓબ્ઝર્વર અને વરિષ્ઠ આઈએએસ અધિકારી સંદીપ સાંગલેએ કલેક્ટર કચેરી નર્મદાની મુલાકાત લીધી હતી. જિલ્લા કલેક્ટર અને અન્ય ચૂંટણી અધિકારીઓની હાજરીમાં યોજાયેલી આ બેઠકમાં મતદારયાદી સુધારણાની અત્યાર સુધીની કામગીરીનું સરવૈયું કાઢવામાં આવ્યું હતું.

સમીક્ષા બેઠકમાં ખાસ કરીને રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે સંવાદ સાધવામાં આવ્યો હતો. પક્ષો દ્વારા રજૂ કરવામાં આવેલા વિવિધ પ્રશ્નો, જેમ કે નામ કમી કરવા અથવા સરનામાં ફેરફારમાં પડતી મુશ્કેલીઓ બાબતે રોલ ઓબ્ઝર્વરશ્રીએ ગંભીરતા દાખવી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે મતદારયાદી એ ચૂંટણી પ્રક્રિયાનો સૌથી મહત્વનો દસ્તાવેજ છે, તેથી તેમાં કોઈ પણ પ્રકારની ભૂલને સ્થાન નથી.

વહીવટી સ્તરે ચાલી રહેલી પ્રક્રિયાની સત્યતા તપાસવા માટે બેઠક બાદ સંદીપ સાંગલેએ વડીયા ગામના મતદાન મથકોની મુલાકાત લીધી હતી. તેમણે સ્થળ પર જઈને ડેટાનું ફિલ્ડ વેરિફિકેશન કર્યું હતું અને નાગરિકો સાથે પણ વાતચીત કરી હતી. મતદાન મથકો પર ઉપલબ્ધ સુવિધાઓ અને ફોર્મ સ્વીકારવાની પ્રક્રિયાની તપાસ કરી તેમણે કર્મચારીઓને કામગીરીમાં વધુ ચોકસાઈ રાખવા સલાહ-સૂચનો આપ્યા હતા. આ મુલાકાતથી જિલ્લામાં મતદારયાદી સુધારણાની પ્રક્રિયાને વધુ વેગ મળશે.

**રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદા જિલ્લામાં મતદારયાદી સુધારણા કાર્યક્રમ (SIR) અંતર્ગત રોલ ઓબ્ઝર્વર સંદીપ સાંગલેએ કલેક્ટર કચેરી ખાતે સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે રાજકીય પક્ષોના પ્રતિનિધિઓ સાથે ચર્ચા કરી અને વડીયા ગામના મતદાન મથકોની મુલાકાત લઈ ફિલ્ડ વેરિફિકેશનની કામગીરી તપાસી હતી.**

# વડોદરામાં વર્લ્ડ કપ મેચ પર ઓનલાઈન સટ્ટાનો પર્દાફાશ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા ગ્રામ્ય વિસ્તારમાં ક્રિકેટ સટ્ટાબાજીના કાળા ધંધાને અંકુશમાં લેવા એલસીબીએ મોટી સફળતા મેળવી છે. હાલમાં ચાલી રહેલા ટી-20 વર્લ્ડ કપ ૨૦૨૬ ની મેચો પર ઓનલાઈન સટ્ટો રમાડવામાં આવતો હોવાની બાતમી મળતા પોલીસે શંકરપુરા ગામે દરોડો પાડ્યો હતો. શંકરપુરાની અનંતા શુભલક્ષ્મી સોસાયટીમાં રહેતા દીપક પટેલના ઘરે જ્યારે પોલીસ પહોંચી ત્યારે લાઈવ મેચ પર સટ્ટાબાજીની પ્રવૃત્તિ ચાલી રહી હતી. પોલીસે ઘટનાસ્થળેથી મુખ્ય આરોપી દીપક પટેલ ઉપરાંત મહેસાણાના સુરેન્દ્રકુમાર પટેલ અને પંચમહાલના અલ્પેશ કપાસીને કસ્ટડીમાં લીધા છે. દરોડા દરમિયાન પોલીસે અગિયાર જેટલા હાઈ-એન્ડ મોબાઈલ ફોન, ત્રણ લેપટોપ, વાઈફાઈ રાઉટર અને સટ્ટાના હિસાબો લખવા માટે વપરાતા સાધનો જપ્ત કર્યા છે. કુલ ૨,૮૬,૩૭૦ રૂપિયાની મત્તા કબજે કરવામાં આવી છે. આરોપીઓની પૂછપરછમાં એક મહત્વનું નામ 'જતીન મકવાણા' બહાર આવ્યું છે, જેણે આ સટ્ટાબાજી માટે લેપટોપ અને અન્ય સાધનો પૂરા પાડ્યા હતા. વડોદરા ગ્રામ્ય પોલીસે આ તમામ વિરુદ્ધ વરણામા પોલીસ સ્ટેશનમાં જુગાર ધારા હેઠળ ફરિયાદ નોંધી છે. પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ રેકેટમાં અન્ય કેટલા લોકો જોડાયેલા છે અને આ ઓનલાઈન આઈડીના મૂળ ક્યાં સુધી ફેલાયેલા છે.

**વડોદરા એલસીબીએ શંકરપુરામાં દરોડો પાડી ટી-20 વર્લ્ડ કપ પર સટ્ટો રમાડતા ૩ શખસોને ઝડપ્યા. ૨.૮૬ લાખનો મુદ્દામાલ જપ્ત કરાયો.**

## વડોદરામાં બોડી બિલ્ડિંગ માટે વેચાતા સ્ટીરોઈડ પર દરોડો

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરમાં બોડી બિલ્ડિંગ કરતા યુવાનોને ટૂંકા સમયમાં મસલ્સ બનાવવાના દાવા સાથે ગેરમાર્ગે દોરતા તત્વો સામે પોલીસે લાલ આંખ કરી છે. માંજલપુરના તુલસીધામ ચાર રસ્તા પાસે આવેલા દેવપુષ્પ કોમ્પ્લેક્ષમાં 'સિદ્ધિ ન્યુટ્રીશન' નામની દુકાન પર વડોદરા ક્રાઈમ બ્રાંચે દરોડો પાડ્યો હતો. આ કાર્યવાહીમાં કોઈ પણ જાતની મંજૂરી કે ડોક્ટરના પ્રિસ્ક્રિપ્શન વગર વેચાતી વિદેશી આયાતી સ્ટીરોઈડ ટેબ્લેટ્સ અને ટેસ્ટોસ્ટેરોન હોર્મોન ઈન્જેક્શનનો જથ્થો મળી આવ્યો હતો. તપાસ દરમિયાન દુકાન માલિક અમિષકુમાર અશોકકુમાર કોરીની ધરપકડ કરવામાં આવી છે. પોલીસના જણાવ્યા મુજબ, યુવાનોને ત્વરિત શારીરિક ફેરફારની લાલચ આપી આ હાનિકારક દવાઓ બેરોકટોક વેચવામાં આવતી હતી. નિષ્ણાત તબીબોએ ચેતવણી આપી છે કે ડોક્ટરની સલાહ વગર લેવાતા સ્ટીરોઈડ શરીરના અંગોને નુકસાન પહોંચાડી શકે છે અને મલ્ટીપલ હેલ્થ ઈશ્યુઝ ઉભા કરી શકે છે. હાલમાં ક્રાઈમ બ્રાંચ આ દવાઓ ક્યાંથી લાવવામાં આવી હતી અને તેની પાછળ કોનું નેટવર્ક છે તે દિશામાં તપાસ ચલાવી રહી છે.

## વડોદરા: સનફાર્મા રોડ પર ફર્નિચર શોરૂમમાં તોડફોડ અને હુમલો

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના સનફાર્મા રોડ પર લેન્ડમાર્ક ફર્નિચર હબ નામની દુકાનમાં લેબર પેમેન્ટના મામલે ભારે હોબાળો અને તોડફોડની ઘટના બની છે. શોરૂમના માલિક પ્રીતિબેનના જણાવ્યા મુજબ, એક કારીગરના કામમાં ફિનિશિંગ ન હોવાથી બાકી રહેલા ૧૫-૨૦% પેમેન્ટ માટે તેને થોડો સમય રાહ જોવા કહ્યું હતું. જોકે, આ બાબતે ઉશ્કેરાયેલો કારીગર ૪ થી ૫ અન્ય શખ્સો સાથે શોરૂમ પર પહોંચ્યો હતો.

હુમલાખોરોએ શોરૂમમાં ઘૂસી જે હાથમાં આવ્યું તેનાથી તોડફોડ શરૂ કરી દીધી હતી. તેમણે વેપારી યામીનભાઈ સાથે ઉગ્ર ગાળાગાળી કરી, તેમના કપડાં ફાડી નાખ્યા અને લાકડાના ફટકાથી માર માર્યો હતો. આ હિંસક હુમલામાં શોરૂમનો કિંમતી સ્ટોક અને બહાર પાર્ક કરેલી ગાડીઓને પણ નુકસાન થયું છે. અચાનક થયેલા હુમલાથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. ઘટનાની જાણ થતાં જે.પી. રોડ પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી અને સીસીટીવી ફૂટેજ કબજે કરી હુમલાખોરો વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી શરૂ કરી છે.

## વડોદરામાં નશાના કારણે પરિણીત યુવકનું રહસ્યમય મોત

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા શહેરમાં નશીલા પદાર્થોનું દૂષણ વધુ એક યુવકનો ભોગ લઈ ગયું છે. હાથીખાના વિસ્તારમાં મનસૂરી કબ્રસ્તાન પાસે રહેતા ૨૫ વર્ષીય ફૈઝાન મુબીન શેખનું ગત રાત્રે શંકાસ્પદ સંજોગોમાં મોત નીપજ્યું હતું. ફૈઝાન છૂટક મંડપનું કામ કરી પિતાને આર્થિક ટેકો આપતો હતો, પરંતુ તેને લાગેલી નશાની લતે આજે તેના પરિવારને નિરાધાર કરી દીધો છે.

પરિવારના સભ્યોએ ભારે હૈયે જણાવ્યું કે, રાત્રે નશો કરીને સૂઈ ગયા બાદ ફૈઝાન સવારે જાગ્યો જ નહોતો. ગભરાયેલા પિતા અને પડોશીઓ તેને સયાજી હોસ્પિટલ લઈ દોડ્યા હતા, પરંતુ ડોક્ટરોએ તેને મૃત જાહેર કરતા પરિવારમાં આક્રંદ મચી ગયો હતો. યુવકના શરીર પર જોવા મળેલા લાલ ડાઘ અને નાકમાંથી વહેતું લોહી ગંભીર નશીલા પદાર્થની અસર હોવાનું સૂચવે છે. સૌથી વધુ દુખદ બાબત એ છે કે ફૈઝાનના લગ્નને હજુ માત્ર છ મહિના જ થયા હતા. તેની પત્ની ગર્ભવતી છે, જે પોતાના આવનાર બાળકની ખુશીઓ માણવાને બદલે હવે પતિના વિયોગમાં ડૂબી ગઈ છે.

કુંભારવાડા પોલીસ સ્ટેશને આ મામલે તપાસ શરૂ કરી છે અને તે કયા પ્રકારનો નશો કરતો હતો તેમજ તેને આ પદાર્થો કોણ સપ્લાય કરતું હતું તે દિશામાં તપાસ લંબાવી છે. આ ઘટના વડોદરાના વાલીઓ અને જાગૃત નાગરિકો માટે એક ગંભીર ચેતવણી સમાન છે કે નશાની લત કેવી રીતે હસતા-રમતા પરિવારોને પળવારમાં વિખેરી નાખે છે.

# તિલકવાડામાં નર્મદા કિનારે ભેખડ પરથી પટકાયેલા આધેડનું સફળ રેસ્ક્યુ

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાના તિલકવાડામાં આજે બપોરે માનવતા અને સાહસના દ્રશ્યો જોવા મળ્યા હતા. તિલકવાડાના નીચલી બજાર પંથકમાં નર્મદા નદીના કાંઠે અંદાજિત 100 ફૂટ ઊંચી ભેખડ પરથી એક આધેડ વ્યક્તિ અચાનક નીચે પટકાતા ગંભીર રીતે ઘાયલ થયા હતા. આ ઘટનાની જાણ આસપાસમાં પશુ ચરાવતા પશુપાલકોને થતા તેમણે તુરંત પોલીસ અને 108ની ટીમને જાણ કરી હતી. ઘટનાની ગંભીરતા જોઈ તિલકવાડા પોલીસ અને 108નો સ્ટાફ ઘટનાસ્થળે પહોંચ્યો હતો. ભેખડની ઊંચાઈ અને દુર્ગમ રસ્તાને કારણે રેસ્ક્યુ ઓપરેશન અત્યંત કઠિન હતું, છતાં સ્થાનિક યુવાનોએ હિંમત દાખવી પોલીસની મદદ કરી હતી. ભારે મહેનત બાદ આધેડને સ્ટ્રેચરની મદદથી ઉપર લાવવામાં આવ્યા હતા. પોલીસ તપાસમાં ઈજાગ્રસ્ત વ્યક્તિની ઓળખ વિઠ્ઠલભાઈ ઈશ્વરભાઈ તડવી, રહેવાસી ગામડી તરીકે થઈ છે, જેમના ખિસ્સામાંથી હોસ્પિટલનો કેસ પેપર મળી આવ્યો હતો. હાલમાં વિઠ્ઠલભાઈને વધુ સારવાર અર્થે 108 એમ્બ્યુલન્સ મારફતે તિલકવાડા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. ઊંચાઈ પરથી પડવાને કારણે તેમને શરીરના ભાગે ગંભીર ઈજાઓ થઈ હોવાનું જાણવા મળ્યું છે. તંત્ર અને સ્થાનિક લોકોના સંકલિત પ્રયાસોને કારણે આ રેસ્ક્યુ ઓપરેશન સફળ રહ્યું હતું, જેની પંથકમાં સરાહના થઈ રહી છે. **રિપોર્ટ : વસીમ મેમન**



## BCA ચૂંટણી: સ્ટેડિયમ નિર્માણમાં ૨૭૦ કરોડના ખર્ચ સામે સવાલ




**દૈનિક પલ્સ સમાચાર:** બરોડા ક્રિકેટ એસોસિયેશનની ચૂંટણીના પ્રચારમાં રોયલ સત્યમેવ જયતે ગ્રુપે આક્રમક વલણ અપનાવ્યું છે. વડોદરાની વૈભવી હોટલમાં પ્રોફેશનલ મેમ્બર્સ સાથેની બેઠકમાં ડૉ. દર્શન બેંકરે કોટંબી સ્ટેડિયમ નિર્માણમાં ૮૦ કરોડને બદલે ૨૭૦ કરોડનો ખર્ચ થયો હોવાનો દાવો કરી ભ્રષ્ટાચારના આક્ષેપ કર્યા છે. તેમણે સિલેક્શન પ્રોસેસમાં 'કોન્ફ્લિક્ટ ઓફ ઇન્ટરેસ્ટ' અને મેમ્બર્સના સન્માનના મુદ્દે પણ સત્તાધારી પેનલ પર આકરા પ્રહારો કર્યા હતા.

## ભાણિયાર જૈન દેરાસરમાં તસ્કરોએ તાળા તોડી કરી ચોરી



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા જિલ્લાના ભાણિયાર ગામમાં આવેલા જૈન દેરાસરમાં ચોરીની ઘટનાથી ચકચાર મચી છે. ગત રાત્રે ત્રણથી વધુ બુકાનીધારી તસ્કરોએ દેરાસરના દરવાજાના તાળા તોડી અંદર પ્રવેશ કર્યો હતો. તસ્કરો દેરાસરમાંથી બે પંચધાતુના મુગટ, પાંચ સિદ્ધ ચક્રના ગટ્ટા અને દાનપેટીમાંથી 35 હજારની રોકડ મળી કુલ 1.30 લાખનો મુદ્દામાલ ચોરી ગયા છે. જરોદ પોલીસ અને એલસીબીની ટીમે સીસીટીવી ફૂટેજના આધારે તપાસ શરૂ કરી.

## વડોદરા: જીવન સાધના સ્કૂલના કુવામાંથી પ્રૌઢનો મૃતદેહ મળ્યો



**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરાના નાગરવાડા વિસ્તારમાં આવેલી જીવન સાધના સ્કૂલના પટાંગણમાં વોટર હાર્વેસ્ટિંગના કૂવામાંથી એક મૃતદેહ મળી આવ્યો છે. પોલીસ તપાસમાં મૃતકની ઓળખ નવી ધરતી વિસ્તારમાં રહેતા 55 વર્ષીય પ્રદીપભાઈ પરમાર તરીકે થઈ છે, જેઓ ગત 6 ફેબ્રુઆરીથી ગુમ હતા. ફાયર બ્રિગેડની ટીમે કૂવામાંથી ડિકમ્પોઝ હાલતમાં બોડી બહાર કાઢી હતી. કારેલીબાગ પોલીસે અકસ્માત કે આત્મહત્યાના પાસા પર તપાસ તેજ કરી છે.

# વડોદરામાં કેન્દ્રીય બજેટના પ્રચાર માટે ભાજપ દ્વારા 'કિસાન સંવાદ' કાર્યક્રમ યોજાયો

## વડોદરામાં કિસાન સંવાદ: ખેડૂતોને બજેટની જોગવાઈઓની સમજ

**દૈનિક પલ્સ સમાચાર:** વડોદરા મહાનગર ભારતીય જનતા પાર્ટી દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માં ખેડૂતો માટે કરવામાં આવેલી ઐતિહાસિક જોગવાઈઓને વિગતવાર સમજાવવા માટે "નમો કમલમ" ખાતે 'કિસાન સંવાદ' કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરા શહેર ભાજપ પ્રમુખ ડો. જે.પી. સોનીના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં કૃષિ જગત અને સહકારી ક્ષેત્રના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમમાં મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત સયાજીગંજ વિધાનસભાના ધારાસભ્ય કેયુર રોકડિયાએ બજેટના આંકડાકીય અને આર્થિક પાસાઓ પર પ્રકાશ પાડતા જણાવ્યું હતું કે, કેન્દ્ર સરકારનું આ બજેટ ખેડૂત કેન્દ્રીય છે. કૃષિ વિકાસને વેગ આપવા અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત કરવા માટે ₹૧.૩૨ લાખ કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે. આ રકમ ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યાંકને હાંસલ કરવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. તેમણે વધુમાં ઉમેર્યું કે, ખેડૂતો પર પડતા ખેતીના ખર્ચનો બોજ ઘટાડવા માટે સરકારે ₹૧.૭૦ લાખ કરોડની ખાતર સબસિડી આપી છે, જે વિશ્વના અન્ય દેશોની તુલનામાં ખૂબ જ નોંધપાત્ર છે. ધારાસભ્યએ ટેકાના ભાવ (MSP) અંગે ચર્ચા કરતા જણાવ્યું કે, સરકાર સીધા જ ખેડૂતો પાસેથી અનાજની ખરીદી કરીને વચેટિયાઓને દૂર કરી રહી છે, જેથી લાભ સીધો ખેડૂતના ખાતામાં જમા થાય. આ પ્રસંગે શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ પટેલ, કિસાન મોરચાના પ્રમુખ રાજેશભાઈ પટેલ અને મહામંત્રીઓ મિહિર પટેલ તથા અર્પણ સિંહ પરમારે હાજરી આપી હતી.

સમગ્ર કાર્યક્રમ દરમિયાન ખેડૂતોના ઉત્થાન માટે સરકારે લીધેલા પગલાંઓની પ્રશંસા કરવામાં આવી હતી. ભાજપના હોદ્દેદારોએ જણાવ્યું હતું કે સરકાર ખેડૂત કલ્યાણ માટે કટિબદ્ધ છે અને આગામી દિવસોમાં આ યોજનાઓનો લાભ છેવાડાના ખેડૂત સુધી પહોંચાડવામાં આવશે. મીડિયા ઇન્ચાર્જ પાર્થ જોષી દ્વારા પ્રસિદ્ધ કરાયેલ અખબારી યાદી મુજબ, આ સંવાદ કાર્યક્રમે વડોદરાના ખેડૂતોમાં બજેટ પ્રત્યે સકારાત્મક અભિગમ પેદા કર્યો છે. કાર્યક્રમના અંતે ઉપસ્થિત કાર્યકરો અને ખેડૂત અગ્રણીઓએ બજેટની જોગવાઈઓને આવકારી હતી.




**વડોદરા ભાજપ દ્વારા 'કિસાન સંવાદ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં કેન્દ્રીય બજેટ ૨૦૨૬-૨૭ માં કૃષિ ક્ષેત્ર માટે કરાયેલી જોગવાઈઓ, જેમ કે ₹૧.૩૨ લાખ કરોડની ફાળવણી અને ₹૧.૭૦ લાખ કરોડની ખાતર સબસિડી અંગે ખેડૂતોને વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી.**

# શિક્ષક સંઘની ગાંધીનગર મુલાકાત: પડતર પ્રશ્નો મુદ્દે મંત્રીઓ સાથે ચર્ચા

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના નવનિયુક્ત હોદ્દેદારો અને ઘટક સંઘના પ્રમુખશ્રીઓએ આજે ગાંધીનગર ખાતે ધામા નાખ્યા હતા. સંઘના નેતૃત્વમાં શિક્ષકોના વિવિધ પડતર પ્રશ્નો ઉકેલવા માટે કેબિનેટ શિક્ષણ મંત્રી પ્રદ્યુમન વાજા અને રાજ્યકક્ષાના મંત્રીઓ રિવાબા જાડેજા તેમજ કમલેશભાઈ પટેલની શુભેચ્છા મુલાકાત લેવામાં આવી હતી. આ બેઠકમાં ૩૦૦ રજાનું રોકડમાં રૂપાંતર, ફિક્સ પે ના પ્રથમ પાંચ વર્ષને ગ્રેજ્યુઈટીમાં ગણવા અને ૧૯૯૯ પછી જોડાયેલા શિક્ષકોને ૫૦ ખાસ રજાનો લાભ આપવા જેવી માગણીઓ પર ગહન મંથન થયું હતું. શિક્ષણ મંત્રીઓ સાથેની મુલાકાત બાદ વિશ્રામ ગૃહ ખાતે તમામ સભ્યોની મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી રાજ્યકક્ષાના અધિવેશનની તૈયારીઓ પર ભાર મૂકવામાં આવ્યો હતો. સમગ્ર રાજ્યમાંથી ૫,૦૦૦ જેટલા ડેલિગેટ્સ બનાવવાનો અને દરેક જિલ્લામાંથી મહત્તમ ભાગીદારી નોંધાવવાનો લક્ષ્યાંક નક્કી કરાયો છે. આ ઉપરાંત, વિદ્યા સમીક્ષા કેન્દ્ર ખાતે સંયુક્ત નિયામક જયેશભાઈ પટેલને મળીને જૂની પેન્શન યોજના (OPS) ના બાકી ઓર્ડરો અને નિવૃત શિક્ષકોના લાભો ઝડપથી મળે તે માટે રજૂઆત કરાઈ હતી. શિક્ષક સંઘે નવી શિક્ષણ નીતિ (NEP) ના પ્રચાર-પ્રસાર માટે દરેક જિલ્લામાં સેમિનારો યોજવાની નેમ પણ વ્યક્ત કરી હતી. ટૂંકી નોટિસમાં મોટી સંખ્યામાં હાજર રહેલા તમામ પ્રમુખશ્રીઓનો પ્રમુખ બાબુભાઈ પટેલ અને મહામંત્રી ભરત ઉપાધ્યાયે હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો.

**રિપોર્ટ : બી.એમ.રાવળ**



**ગુજરાત માધ્યમિક શિક્ષક સંઘના હોદ્દેદારોએ ગાંધીનગર ખાતે શિક્ષણ મંત્રીઓની શુભેચ્છા મુલાકાત લઈ ૩૦૦ રજાનું રોકડ રૂપાંતર અને OPS જેવા પડતર પ્રશ્નોની રજૂઆત કરી હતી. આગામી અધિવેશનમાં ૫,૦૦૦ ડેલિગેટ્સ બનાવવાનું અને નવી શિક્ષણ નીતિનો પ્રચાર કરવાનું પણ આ બેઠકમાં નક્કી કરાયું હતું.**

# સુરત: યુવતીને ભાઈ સાથે પરણાવી જેઠે આચર્યું દુષ્કર્મ

**દૈનિક પલ્સ સમાચાર:** સુરતની સભ્યતા પર કલંક સમાન કિસ્સો સિંગણપોર પોલીસ મથકે નોંધાયો છે. સ્નેપચેટના માધ્યમથી શરૂ થયેલી મિત્રતા એક યુવતી માટે નરક સમાન સાબિત થઈ છે. ૪૦ વર્ષીય એક પુત્રીના પિતા પ્રતીકે પોતે કુંવારો હોવાનું કહી ૨૨ વર્ષીય કોલેજિયન યુવતીને ફસાવી હતી. એક વર્ષ સુધી યૌનશોષણ કર્યા બાદ જ્યારે યુવતીને સત્ય ખબર પડી ત્યારે નરાધમે તેના અસલી તેવર બતાવ્યા હતા.

અંગત પળોના ફોટા વાઇરલ કરવાની ધમકી આપીને આ નરાધમે યુવતીને બળજબરીથી પોતાના જ નાના ભાઈ સાથે પરણાવી દીધી. આ શખસે પોતાના પરિવારને પણ અંધારામાં રાખી ખોટું બોલ્યો કે યુવતી એન.જી.ઓ. મારફતે મળી છે. લગ્ન બાદ પણ આ હવસખોર જેઠ યુવતીને બ્લેકમેલ કરી બળાત્કાર ગુજારતો રહ્યો. શું આપણું સમાજ અને કાયદો આવા નરાધમોને જીવતા રહેવા દેશે? છેવટે ત્રાસેલી યુવતીએ પોલીસના દ્વાર ખખડાવતા સિંગણપોર પોલીસે આ નરાધમ પ્રતીકને દબોચી લીધો છે.

**સુરતના સિંગણપોરમાં લોકશાહી અને સંસ્કારોને લજવતી ઘટના સામે આવી છે. એક હવસખોર પરિણીતે ૨૨ વર્ષીય યુવતીને સ્નેપચેટ પર ફસાવી, બ્લેકમેલ કરી પોતાના જ ભાઈ સાથે પરણાવી દીધી અને લગ્ન બાદ પણ પશુતાની હદ વટાવી બળાત્કાર ગુજાર્યો.**

# હિંમતનગરમાં ગ્રાહક ડેટા દુરુપયોગ અને લવ જેહાદનો વિરોધ

**દૈનિક પલ્સ સમાચાર:** શહેરના મોતીપુરા વિસ્તારમાં આવેલ કલ્યાણ જ્વેલર્સમાં ગ્રાહકોની સુરક્ષા અને ડેટા પ્રાઇવસી સામે ગંભીર સવાલો ઉઠ્યા છે. એક પરિવાર ખરીદી માટે ગયો ત્યારે મેળવવામાં આવેલ નામ, મોબાઈલ નંબર અને ઈમેલ જેવા ડેટાનો કર્મચારીઓએ દુરુપયોગ કર્યો હોવાનું બહાર આવ્યું છે. આ ડેટા દ્વારા કર્મચારીઓએ પરિવારની મહિલા સભ્યો સાથે અયોગ્ય સંપર્ક સાધ્યો હતો. ગંભીર બાબત એ છે કે, કંપનીના એક વિધર્મી કર્મચારીએ પરિવારની સગીરાને પોતાનું નામ બદલીને પ્રેમજાળમાં ફસાવવાનો પ્રયાસ કર્યો હતો. તેણે સગીરાને મૈત્રી કરાર કરવા દબાણ કરી ઉપાડી જવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હતી. સગીરાના પિતાએ આ અંગે હિંમતનગર એ ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ત્રણ આરોપીઓની ધરપકડ કરી તેમને જેલ હવાલે કર્યા છે. વિશ્વ હિન્દૂ પરિષદ અને બજરંગ દળના અગ્રણીઓએ મોટી સંખ્યામાં એકઠા થઈ કલેક્ટર અને એસપીને આવેદનપત્ર પાઠવ્યું હતું. તેમણે ગ્રાહકોના ડેટાની સુરક્ષામાં નિષ્ફળ રહેલી કંપની સામે દાખલારૂપ કાર્યવાહી કરવાની માંગ કરી છે.

**રિપોર્ટ : જનક જાદવ**



**હિંમતનગર કલ્યાણ જ્વેલર્સમાં ગ્રાહકોના ડેટાનો દુરુપયોગ કરી સગીરાને ફસાવવાનો પ્રયાસ. પોલીસે ૩ ની ધરપકડ કરી જેલ હવાલે કર્યા.**

# હાલોલની એમ.એન્ડ વી. કોલેજમાં કોમર્સ-અર્થશાસ્ત્ર પર રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** પંચમહાલ જિલ્લાની હાલોલ સ્થિત એમ.એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં ૦૭ ફેબ્રુઆરીના રોજ રાષ્ટ્રીય કક્ષાનો પરિસંવાદ ભવ્ય રીતે યોજાયો. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર અને KCG ની પ્રોમોશન ઓફ રિસર્ચ સ્કીમ અંતર્ગત આયોજિત આ સેમિનારનો મુખ્ય વિષય ૨૧મી સદીમાં વાણિજ્ય અને અર્થશાસ્ત્રના બદલાતા પ્રવાહો હતો. કાર્યક્રમનું ઉદ્ઘાટન મંગલ પ્રાર્થના અને પ્રિન્સિપાલ ડૉ. યશવંત શર્માના સ્વાગત પ્રવચનથી થયું હતું. મુખ્ય વક્તા ડૉ. મોહનભાઈ પટેલે શિક્ષણમાં આવતા વૈશ્વિક પરિવર્તનો અને સ્થાનિક જરૂરિયાતો વચ્ચેના સમન્વય પર સચોટ વક્તવ્ય આપ્યું હતું. અતિથિ વિશેષ તરીકે ડૉ. યજ્ઞેશ દલવાડી અને ડૉ. જીજ્ઞેશ બારોટ જેવા શિક્ષણવિદોએ શૈક્ષણિક ઉદાહરણો સાથે જ્ઞાન પીરસ્યું હતું. મંડળના માનદમંત્રી સમીરભાઈ શાહે અધ્યક્ષસ્થાનેથી સંસ્થાના સંશોધનલક્ષી અભિગમને બિરદાવ્યો હતો. આ પરિસંવાદમાં રાજ્યભરની કોલેજોમાંથી મોટી સંખ્યામાં શિક્ષણવિદો અને વિદ્યાર્થીઓ જોડાયા હતા. વિવિધ ટેકનિકલ સત્રોમાં ડૉ. શૈલેષ રાણસરિયા અને ડૉ. અશોક ત્રિવેદી જેવા તજજ્ઞોએ સંશોધન પેપરોનું મૂલ્યાંકન કર્યું હતું. સેમિનારના સફળ આયોજન માટે ડૉ. અમીષા પ્રજાપતિ અને ડૉ. નરેન્દ્રસિંહ રાજની સંયોજક તરીકેની ભૂમિકા મહત્વની રહી હતી. અંતે, આભારવિધિ સાથે આ જ્ઞાનસભર કાર્યક્રમનું સમાપન થયું હતું. **રિપોર્ટ : જયેશ શાહ**



**હાલોલની એમ.એન્ડ વી. આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજમાં KCG પ્રાયોજિત રાષ્ટ્રીય પરિસંવાદ યોજાયો હતો. “૨૧મી સદીમાં કોમર્સ અને અર્થશાસ્ત્રના નવા આયામો” વિષય પર આયોજિત આ કાર્યક્રમમાં રાજ્યભરના તજજ્ઞો અને સંશોધકોએ ભાગ લઈ શૈક્ષણિક વિચારોનું આદાન-પ્રદાન કર્યું હતું.**

# હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં લોક દરબાર યોજાયો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના મુખ્ય મથક હિંમતનગર ખાતે બી ડિવિઝન પોલીસ સ્ટેશનનું વાર્ષિક ઇન્સ્પેક્શન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ અધિક્ષક ડો. પાર્થરાજસિંહ ગોહિલની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં પોલીસ સ્ટેશનની કામગીરીની ઝીણવટભરી તપાસ કરવામાં આવી હતી. એસપીએ પરેડ નિરીક્ષણ કર્યું હતું અને મુદ્દામાલના નિકાલ તેમજ કેસોની તપાસ અંગે માર્ગદર્શન આપ્યું હતું. આ અવસરે પોલીસ સ્ટેશન પરિસરમાં લોક દરબારનું આયોજન થયું હતું, જેમાં શહેરના અગ્રણીઓ અને નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. નાગરિકોએ ખાસ કરીને ટ્રાફિક વ્યવસ્થા સુધારવા અને સુરક્ષાના ભાગરૂપે વિવિધ વિસ્તારોમાં સીસીટીવી કેમેરા લગાવવાની માંગ કરી હતી. અધિકારીઓએ આ પ્રશ્નોના હકારાત્મક નિરાકરણ માટે ખાતરી આપી હતી. ત્યારબાદ એસપી અને ડીવાયએસપી એ.કે. પટેલની હાજરીમાં પોલીસ દરબાર યોજાયો હતો, જેમાં સ્ટાફની કામગીરીની સમીક્ષા કરી તેમની સમસ્યાઓ સાંભળવામાં આવી હતી. અંતમાં પોલીસ પરિસરમાં પર્યાવરણ જાળવણીના સંદેશ સાથે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

**રિપોર્ટ : જનક જાદવ**

**સાબરકાંઠા એસપી ડો. પાર્થરાજસિંહ ગોહિલની અધ્યક્ષતામાં હિંમતનગર બી ડિવિઝન પોલીસ સ્ટેશનનું વાર્ષિક નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે યોજાયેલા લોક દરબારમાં ટ્રાફિક અને સીસીટીવી કેમેરા જેવી સ્થાનિક સમસ્યાઓ સાંભળી તેનું નિરાકરણ લાવવા ખાતરી આપવામાં આવી હતી.**

# ઈડર: રામલેશ્વર તળાવમાં માછલીઓના મોત મામલે મત્સ્ય વિભાગની તપાસ

**દૈનિક પલ્સ સમાચાર**: સાબરકાંઠા જિલ્લાના ઇડર શહેરમાં આવેલા રામલેશ્વર તળાવમાં માછલીઓના શંકાસ્પદ મૃત્યુની ઘટનાએ સ્થાનિકો અને પર્યાવરણ પ્રેમીઓમાં ચિંતા જન્માવી છે. છેલ્લા કેટલાક સમયથી તળાવની સપાટી પર મૃત માછલીઓ દેખાતા નગરપાલિકા તંત્ર સજાગ બન્યું છે. નગરપાલિકા દ્વારા હાથ ધરાયેલા પ્રાથમિક પરિક્ષણમાં મૃત્યુનું કોઈ નક્કર કારણ બહાર ન આવતા ઉચ્ચ સ્તરીય તપાસની માંગ ઉઠી હતી. ઇડર નગરપાલિકાના ચીફ ઓફિસર જેમીન ચૌધરીની સક્રિયતાને પગલે હિંમતનગર મત્સ્ય ઉદ્યોગ વિભાગની ટીમ મંગળવારે બપોરે ઇડર દોડી આવી હતી. તપાસની પ્રક્રિયાને વેગ આપવા હિંમતનગર ફાયર અને ઇમરજન્સી વિભાગની બોટ મંગાવવામાં આવી હતી. મત્સ્ય વિભાગના અધિકારી કે.કે. રાઠોડ, સાગર મિત્ર અને અનિકેત પટેલ સહિતની ટીમે તળાવના ઊંડાણવાળા ભાગોમાંથી પાણીના સેમ્પલ એકત્ર કર્યા હતા. આ તપાસ વેળાએ ચીફ ઓફિસર અને નગરપાલિકાનો સ્ટાફ પણ સ્થળ પર હાજર રહ્યો હતો. લેવામાં આવેલા સેમ્પલને હવે લેબોરેટરીમાં મોકલવામાં આવશે, જ્યાં ઓક્સિજનનું પ્રમાણ અને પાણીમાં રહેલા કેમિકલની તપાસ કરવામાં આવશે. જીવસૃષ્ટિના રક્ષણ માટે સરકારી તંત્ર દ્વારા લેવામાં આવેલા આ પગલાને લોકો આવકારી રહ્યા છે. **રિપોર્ટ : જનક જાદવ**



**ઇડરના રામલેશ્વર તળાવમાં છેલ્લા કેટલાક સમયથી માછલીઓના મોત થતા મત્સ્ય ઉદ્યોગ વિભાગે સ્થળ તપાસ કરી છે. નગરપાલિકા અને મત્સ્ય વિભાગની ટીમે બોટની મદદથી પાણીના વિવિધ સેમ્પલ લીધા છે, જેનું વિગતવાર પરીક્ષણ કરી મૃત્યુનું સચોટ કારણ જાણવા પ્રયાસ કરાશે.**

# હોળી પર્વ નિમિત્તે હિંમતનગર થઈને આગરા કેન્ટ-અસારવા સ્પેશિયલ ટ્રેન દોડશે

## હિંમતનગર થી આગરા જવા માટે હોળી સ્પેશિયલ ટ્રેન જાહેર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જીલ્લાના હિંમતનગરના રહીશો માટે હોળીના તહેવાર પર રેલ્વે દ્વારા સુવિધાજનક જાહેરાત કરવામાં આવી છે. ઉત્તર પશ્ચિમ રેલ્વે દ્વારા આગરા કેન્ટ અને અસારવા (અમદાવાદ) વચ્ચે સ્પેશિયલ ટ્રેન શરૂ કરવાની માહિતી સોશિયલ મીડિયા પર શેર કરવામાં આવી છે. આ ટ્રેન સપ્તાહમાં પાંચ દિવસ સેવા આપશે અને અપ-ડાઉન મળીને કુલ 42 ટ્રીપ પૂર્ણ કરશે.

ટ્રેન નંબર 01919 આગરા કેન્ટ થી સાંજે 6:10 કલાકે રવાના થઈ બીજા દિવસે સવારે 9:45 કલાકે હિંમતનગર આવશે અને 11:10 કલાકે અસારવા પહોંચશે. જ્યારે ટ્રેન નંબર 01920 અસારવા થી બપોરે 2:50 કલાકે ઉપડી સાંજે 4:23 કલાકે હિંમતનગર પહોંચશે અને બીજા દિવસે સવારે 7:45 કલાકે આગરા કેન્ટ પહોંચશે. આ ટ્રેન 1 માર્ચથી 30 માર્ચ દરમિયાન કાર્યરત રહેશે. આ સ્પેશિયલ ટ્રેનમાં મુસાફરો માટે કુલ 23 કોચ જોડવામાં આવ્યા છે, જેમાં 2 થર્ડ AC, 10 સેકન્ડ ક્લાસ, 9 જનરલ અને 2 ગાર્ડ કોચનો સમાવેશ થાય છે. આ ટ્રેન તેના રૂટ પર ફતેપુર સિકરી, સવાઈ માધોપુર, ઉદેપુર સિટી, ડુંગરપુર અને શામળાજી જેવા કુલ 19 સ્ટેશનો પર સ્ટોપેજ લેશે. તહેવારના સમયે વતન જતા શ્રમિકો અને પ્રવાસીઓ માટે આ ટ્રેન અત્યંત ઉપયોગી સાબિત થશે. **રિપોર્ટ : જનક જાદવ**




**હોળીના તહેવારને ધ્યાને રાખીને ઉત્તર પશ્ચિમ રેલ્વે દ્વારા આગરા કેન્ટ-અસારવા સ્પેશિયલ ટ્રેન જાહેર કરાઈ છે. આ ટ્રેન માર્ચ મહિનામાં સપ્તાહમાં પાંચ દિવસ દોડશે, જે સાબરકાંઠાના હિંમતનગર સ્ટેશન થઈને પસાર થશે, જેનાથી મુસાફરોને મોટી રાહત મળશે.**

# ગુજરાતના 5 શહેરોમાં RRTS: રાજકોટ-હીરાસર કનેક્ટિવિટી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત સરકાર રાજ્યના પાંચ મહત્વના સેટેલાઈટ શહેરોને મોટા મહાનગરો સાથે જોડવા માટે રીજનલ રેપિડ ટ્રાન્ઝિટ સિસ્ટમ (RRTS) અમલમાં મૂકવા જઈ રહી છે. આ પ્રોજેક્ટનો મુખ્ય હેતુ રોડ માર્ગે વધતા ટ્રાફિકને ઘટાડવો અને મુસાફરોને સેમી-હાઈ સ્પીડ ટ્રેનનો અનુભવ પૂરો પાડવાનો છે. આ ક્રાંતિકારી યોજના હેઠળ રાજકોટથી હીરાસર ગ્રીનફિલ્ડ એરપોર્ટ વચ્ચે હાઈ-સ્પીડ કનેક્ટિવિટી સ્થાપવામાં આવશે, જે સૌરાષ્ટ્રના ઉદ્યોગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રમાં તેજી લાવશે.

RRTS ટ્રેનો કલાકે 160 કિમીની ઝડપે દોડવા સક્ષમ હશે, જે મેટ્રો કરતા વધુ ઝડપી હશે. તેનાથી હીરાસરની આસપાસ લોજિસ્ટિક્સ હબ વિકસવાની પણ સંભાવના છે. પરંતુ આ ભવ્ય આયોજનની બીજી બાજુ પણ છે. રાજકોટની ભાગોળે હીરાસર ખાતે એરપોર્ટ તો બની ગયું છે, પણ હજુ સુધી ત્યાંથી ઈન્ટરનેશનલ ફ્લાઈટ શરૂ થઈ નથી. વધુમાં, એરપોર્ટને રાજકોટ સાથે જોડતા સિક્સલેન હાઈવેનું કામ પાંચ વર્ષથી અધૂરું છે. કુવાડવા નજીક સર્જાતા ટ્રાફિક જામના કારણે મુસાફરો કલાકો સુધી અટવાય છે. આમ, એક તરફ સરકાર 160ની ઝડપે દોડનારી ટ્રેનના સપના બતાવી રહી છે, ત્યારે બીજી તરફ જમીની માર્ગે સામાન્ય પરિવહન પણ મુશ્કેલ બન્યું છે. ભવિષ્યની ટેકનોલોજી સાથે વર્તમાન ઈન્ફ્રાસ્ટ્રક્ચરનું સમયસર પૂર્ણ થવું પણ એટલું જ જરૂરી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



# રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલિયાસણ પાસે નવું ટોલનાકું શરૂ થશે

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ-અમદાવાદ હાઈવે પર મુસાફરી કરનારાઓ માટે માઠા સમાચાર છે. એક તરફ હાઈવે સિક્સલેન કરવાની કામગીરી હજુ ગોકળગાયની ગતિએ ચાલી રહી છે, ત્યારે બીજી તરફ માલિયાસણ પાસે હાઈવે ઓથોરિટીએ નવા ટોલનાકાનું નિર્માણ કાર્ય ધમધોકાર શરૂ કરી દીધું છે. આ ટોલનાકું રાજકોટ શહેર અને નવા ઈન્ટરનેશનલ એરપોર્ટની બરાબર વચ્ચે આવી રહ્યું હોવાથી એરપોર્ટ જનારા મુસાફરો પર આર્થિક ભારણ વધશે. વેપારી સંગઠનો અને સ્થાનિક લોકોનો આક્ષેપ છે કે હાઈવેનું કામ પૂરું કરવામાં તંત્રને રસ નથી, પણ ટોલ ઉઘરાવવામાં ભારે ઉતાવળ કરવામાં આવી રહી છે. કુવાડવા ઓવરબ્રીજનું કામ જેવું પૂર્ણ થશે, કે તરત જ માલિયાસણ ટોલનાકું કાર્યરત કરી દેવાનું આયોજન છે. આનાથી રાજકોટ થી બામણબોરના માત્ર 35 કિમીના ટુકડામાં વાહનચાલકોએ બે વખત ટોલ ચૂકવવો પડશે. આટલા ટૂંકા અંતરમાં બે ટોલ પ્લાઝા હોવા તે નિયમોની વિરુદ્ધ હોવાની ચર્ચાઓ વચ્ચે પણ કામ ચાલુ રહેતા લોકોમાં આક્રોશ છે. આશ્ચર્યની વાત એ છે કે પ્રજાના આ પ્રશ્ને ચૂંટાયેલા પ્રતિનિધિઓએ મૌન ધારણ કરી લીધું છે, જેને કારણે સામાન્ય જનતા પોતાની જાતને અસહાય અનુભવી રહી છે.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**



**રાજકોટ-અમદાવાદ હાઈવે પર માલિયાસણ પાસે નેશનલ હાઈવે ઓથોરિટી દ્વારા નવા ટોલનાકાનું કામ તેજ ગતિએ શરૂ કરાયું છે. માત્ર 35 કિમીના અંતરમાં બીજું ટોલનાકું આવતા વાહનચાલકો અને વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે.**

# રાજકોટ: આમ્રપાલી અંડરબ્રિજમાં i10 કારમાં ભીષણ આગ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટના રૈયા રોડ પર આવેલ આમ્રપાલી અંડરબ્રિજમાં આજે એક ભયાનક આગની ઘટના બની હતી. કારચાલક કમલેશભાઈ પરમાર જ્યારે પોતાની i10 કારમાં બ્રિજ પસાર કરી રહ્યા હતા, ત્યારે અચાનક કારના એન્જિનમાંથી ધુમાડા નીકળવાનું શરૂ થયું હતું. કાર ઉભી રાખી તે નીચે ઉતરે તે પહેલા જ આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરી લીધું હતું. અંડરબ્રિજ જેવી મર્યાદિત જગ્યામાં આગ લાગતા ધુમાડાના ગોટેગોટા ઉડતા અન્ય વાહનચાલકોમાં દોડધામ મચી જવા પામી હતી. આ બનાવની જાણ તાત્કાલિક ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતા ફાયર બ્રિગેડનો સ્ટાફ ઘટનાસ્થળે દોડી ગયો હતો. ફાયર ફાઈટરોએ ભારે જહેમત બાદ પાણીનો મારો ચલાવી આગ પર કાબૂ મેળવ્યો હતો અને આગને વધુ પ્રસરતી અટકાવી હતી. પ્રાથમિક તપાસમાં શોર્ટસર્કિટના કારણે આગ લાગી હોવાનું જાણવા મળ્યું છે. આ આગમાં કારનું વાયરિંગ, એન્જિન અને અંદરની સીટો બળીને સંપૂર્ણ ખાખ થઈ ગઈ છે. સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી. કાર ચાલક સમયસર બહાર નીકળી જતા તેમનો આબાદ બચાવ થયો છે. ઘટનાના પગલે થોડો સમય રૈયા રોડ પર વાહન વ્યવહાર પ્રભાવિત થયો હતો, પરંતુ આગ બુઝાયા બાદ સ્થિતિ સામાન્ય બની હતી.

**રિપોર્ટ : હાર્દિક ચંદારાણા**





**'સબ સુખ લહૈ તુમ્હારી સરના, તુમ રક્ષક કાહુ કો ડરના'**

# રાજકોટ મનપા બજેટ: 3604 કરોડનું બજેટ મંજૂર, તમામ કરબોજ રદ

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકાની સ્ટેન્ડિંગ કમિટિએ શહેરના ભાવિ વિકાસનો રોડમેપ સમાન વર્ષ 2026-27નું ₹3604.90 કરોડનું બજેટ મંજૂર કર્યું છે. કમિશનરે ગત તા. 4ના રોજ રજૂ કરેલા બજેટમાં ₹95 કરોડના નવા વેરા સૂચવ્યા હતા, પરંતુ સ્ટેન્ડિંગ કમિટિએ જનહિતને ધ્યાને રાખી પાણી અને ગાર્બેજ વેરાના તમામ વધારા રદ કરી દીધા છે.

આ બજેટની સૌથી મોટી વિશેષતા તેમાં ઉમેરવામાં આવેલી 14 નવી યોજનાઓ છે. પી.પી.પી. (PPP) મોડલને પ્રાધાન્ય આપીને વેસ્ટ ઝોનમાં મોર્ડન ફૂડ ઝોન, શોપિંગ સેન્ટર અને સ્વિમિંગ પુલના નિર્માણની જાહેરાત કરવામાં આવી છે. રેસકોર્સ સંકુલ જે રાજકોટની શાન છે, તેનું ₹47 કરોડના ખર્ચે બ્યુટિફિકેશન અને નવીનીકરણ કરવામાં આવશે. વાહનવ્યવહાર ક્ષેત્રે 'PMeBus Sewa' અંતર્ગત 100 ઈલેક્ટ્રિક બસો માટે માળખાકીય સુવિધાઓ અને ચાર્જિંગ સ્ટેશનો ઊભા કરાશે. મિલકત ધારકો માટે વ્યાજમાફી યોજના એ આકર્ષણનું કેન્દ્ર છે, જેમાં બાકી વેરા પર સ્લેબ મુજબ રાહત મળશે, જેનાથી મનપાને ₹25 કરોડની વધારાની આવક થવાની અપેક્ષા છે. સાથોસાથ, ફ્લાવર બેડ માટે બી.યુ. રેગ્યુલરાઈઝેશન ફીમાં હપ્તા પદ્ધતિ જેવી સરળતા પણ કરી આપવામાં આવી છે. બજેટમાં આવકના લક્ષ્યાંકોમાં પણ સુધારો કરાયો છે; જમીન વેચાણ દ્વારા ₹600 કરોડ અને ટી.પી. સ્કીમની આવકમાંથી ₹405 કરોડ મેળવવાનું આયોજન છે. શહેરના નવા સમાવિષ્ટ વિસ્તારોમાં બ્રિજની જરૂરિયાત માટે પાયલોટ સ્ટડી, તમામ પબ્લિક ટોયલેટનું અપગ્રેડેશન, મહિલા સુરક્ષિત સફર યોજના અને ફાયર સેફ્ટી ટ્રેનિંગ જેવા પાસાઓને આવરી લઈને આ બજેટને માત્ર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પૂરતું સીમિત ન રાખતા સામાજિક સુરક્ષા લક્ષી બનાવવાનો પ્રયાસ કરાયો છે. એકંદરે, કરબોજ વગરનું અને નવા પ્રોજેક્ટ્સ સાથેનું આ બજેટ રાજકોટના સર્વાંગી વિકાસમાં નવો અધ્યાય



# સાબરકાંઠા અને અરવલ્લીમાં મિશ્ર ઋતુને કારણે રોગચાળો વકર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતમાં શિયાળાની ઋતુ હવે અંતિમ તબક્કા તરફ છે, ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લાના વાતાવરણમાં મોટો પલટો જોવા મળી રહ્યો છે. હાલમાં આ બંને જિલ્લાના રહેવાસીઓ વિચિત્ર મિશ્ર ઋતુનો સામનો કરી રહ્યા છે, જેમાં સવારે ઠંડી અને બપોરે ઉનાળા જેવી ગરમી લાગે છે. આ મિશ્ર હવામાન વાયરસના ફેલાવા માટે અનુકૂળ હોવાથી શરદી, કફ અને ઉધરસ જેવી બીમારીઓએ માથું ઊંચક્યું છે. સાબરકાંઠાના હિંમતનગર, વડાલી, વિજયનગર અને પોશીના જેવા અંતરિયાળ વિસ્તારો તેમજ અરવલ્લીના મોડાસા, બાયડ અને સાઠંબા સહિતના શહેરો અને ગામડાઓમાં બીમારીનું પ્રમાણ વધ્યું છે. લોકો મોટી સંખ્યામાં ખાનગી ક્લિનિક્સ અને સિવિલ હોસ્પિટલોમાં સારવાર માટે પહોંચી રહ્યા છે. આરોગ્ય વિભાગના ડેટા મુજબ, વાતાવરણમાં થતા અચાનક બદલાવને કારણે રોગપ્રતિકારક શક્તિ પર અસર પડે છે, જેનાથી બાળકો અને વૃદ્ધો વધુ પ્રભાવિત થઈ રહ્યા છે. તબીબો મુસાફરી દરમિયાન અને ખોરાકમાં ઠંડા પીણા કે વાસી ખોરાક ટાળવા સૂચન કરી રહ્યા છે. બદલાતી ઋતુમાં સાવચેતી રાખવી એ જ બીમારીથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય હોવાનું આરોગ્ય વિભાગે જણાવ્યું છે.

**રિપોર્ટ : જનક જાદવ**



# સેવાલિયામાં બિસ્માર રસ્તા મુદ્દે ગ્રામજનોએ રેલી કાઢી વિરોધ નોંધાવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ખેડા જિલ્લાના ગળતેશ્વર તાલુકાના સેવાલિયામાં તંત્રની નિષ્ફળતા સામે જનતાએ મોરચો માંડ્યો છે. કહેવાતા વિકાસના કામોમાં ગટર લાઈન નાખવા માટે જે રસ્તાઓ ખોદવામાં આવ્યા હતા, તેને આઠ મહિના વીતી જવા છતાં રિપેર કરવાની તસ્દી લેવામાં આવી નથી. આ બેદરકારી સામે આજે સેવાલિયાના 300 થી વધુ પરિવારના સભ્યોએ રેલી કાઢી પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો.

રેલીમાં જોડાયેલા રહીશોએ આક્ષેપ કર્યો હતો કે સી.પી. પટેલ હાઈસ્કૂલના 1000 થી વધુ માસૂમ વિદ્યાર્થીઓ રોજ આ પથરાળ અને ધૂળિયા રસ્તા પરથી પસાર થવા મજબૂર છે. આશિષ સોસાયટી સહિત પાંચ સોસાયટીના 1500 નાગરિકોની હાલાકી સામે વહીવટી તંત્ર મૌન સેવી રહ્યું છે. કચરાના ઢગલા અને બિસ્માર રસ્તાના વિરોધમાં નીકળેલી આ રેલી જ્યારે તાલુકા પંચાયત પહોંચી ત્યારે વાતાવરણ ગરમાયું હતું. રહીશોએ તાલુકા વિકાસ અધિકારી (TDO) ને ઉગ્ર આવેદનપત્ર સુપરત કર્યું હતું. ગ્રામજનોએ હૈયું ઠાલવતા કહ્યું હતું કે, "અમને માત્ર વાયદા જોઈએ છે, કામ નહીં." તેમણે લેખિતમાં ચીમકી આપી છે કે જો આગામી દિવસોમાં કામ શરૂ કરવામાં નહીં આવે તો સમગ્ર સેવાલિયા બજાર આગામી જિલ્લા પંચાયતની ચૂંટણીમાં મતદાનનો સંપૂર્ણ બહિષ્કાર કરશે.



**ગળતેશ્વરના સેવાલિયામાં વિકાસના નામે વિનાશ જેવી સ્થિતિ સર્જાઈ છે. ગટર લાઈન માટે ખોદાયેલા રસ્તા 8 મહિનાથી રિપેર ન થતા 300 મકાનોના રહીશોએ તાલુકા પંચાયતે હલ્લાબોલ કર્યો હતો અને ચૂંટણી બહિષ્કારની ગંભીર ચીમકી આપી છે. રિપોર્ટ : હસમુખભાઈ નાયક**

# બોર્ડ પરીક્ષાના વિદ્યાર્થીઓ માટે સરકાર દ્વારા ટોલ ફ્રી હેલ્પલાઈન જાહેર

## ધોરણ 10-12 બોર્ડ પરીક્ષા માટે ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા વર્ષ 2026ની બોર્ડની પરીક્ષાઓની જાહેરાત કરવામાં આવી છે. આગામી 26 ફેબ્રુઆરી, 2026 થી ધોરણ-10 અને ધોરણ-12ની પરીક્ષાઓનો પ્રારંભ થવા જઈ રહ્યો છે. લાખો વિદ્યાર્થીઓની કારકિર્દી માટે અત્યંત મહત્વની એવી આ પરીક્ષા દરમિયાન વિદ્યાર્થીઓ અને વાલીઓને કોઈપણ પ્રકારની મુશ્કેલી ન પડે તે માટે શિક્ષણ વિભાગ સજ્જ બન્યું છે. જેના ભાગરૂપે રાજ્ય કક્ષાની ટોલ ફ્રી હેલ્પલાઇન જાહેર કરવામાં આવી છે.

આ હેલ્પલાઇન નંબર 1800 233 5500 પર તા. 12 ફેબ્રુઆરીથી 18 માર્ચ, 2026 સુધી સંપર્ક કરી શકાશે. આ સમયગાળા દરમિયાન રવિવાર કે રજાના દિવસોમાં પણ નિયત સમય મુજબ સેવાઓ ઉપલબ્ધ રહેશે. હેલ્પલાઇનનો સમય સવારે 11:00 વાગ્યાથી શરૂ થઈને સાંજે 06:00 વાગ્યા સુધીનો રહેશે. આ સુવિધા માત્ર વિદ્યાર્થીઓ માટે જ નહીં, પરંતુ વાલીઓ અને શાળાના કર્મચારીઓ માટે પણ માર્ગદર્શન મેળવવાનું એક સરળ માધ્યમ બનશે. સામાન્ય રીતે પરીક્ષા નજીક આવતા જ વિદ્યાર્થીઓમાં પરીક્ષાના હાઉ (ડર) અને પેપર કેવી રીતે લખવું તેને લઈને ચિંતા જોવા મળતી હોય છે. હેલ્પલાઇન પર ઉપલબ્ધ કાઉન્સેલર્સ અને વિષય નિષ્ણાતો વિદ્યાર્થીઓને આત્મવિશ્વાસ જગાડવા અને માનસિક દબાણ ઘટાડવા માટે મદદરૂપ થશે. ઉપરાંત, પરીક્ષાના નિયમો, બ્લુપ્રિન્ટ કે ટેકનિકલ વહીવટી પ્રશ્નોના ઉકેલ માટે આ નંબર એક મહત્વનું કેન્દ્ર બની રહેશે.

શિક્ષણ વિભાગ દ્વારા જણાવવામાં આવ્યું છે કે, પરીક્ષાના અંત સુધી આ હેલ્પલાઇન કાર્યરત હોવાથી છેલ્લી ઘડીની મૂંઝવણોમાં પણ વિદ્યાર્થીઓને તાત્કાલિક સહાય મળી રહેશે. વાલીઓને અપીલ કરવામાં આવી છે કે તેઓ પણ પરીક્ષા લક્ષી કોઈ શંકા હોય તો આ નંબરનો ઉપયોગ કરે. બોર્ડની આ તત્પરતાને કારણે રાજ્યભરના લાખો વિદ્યાર્થીઓ નિર્ભયતા સાથે પોતાની આવડતનું પ્રદર્શન કરી શકશે અને એક સફળ પરીક્ષા ઉત્સવ ઉજવાશે. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક**



**આગામી 26 ફેબ્રુઆરી, 2026થી શરૂ થનારી ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષાઓને ધ્યાનમાં રાખીને વિદ્યાર્થીઓ, વાલીઓ અને શાળાઓના માર્ગદર્શન માટે શિક્ષણ બોર્ડ દ્વારા ટોલ ફ્રી હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે. આ હેલ્પલાઇન નંબર 1800 233 5500 પર તા. 12/02/2026 થી 18/03/2026 સુધી સંપર્ક કરી શકાશે. હેલ્પલાઇનનો સમય સવારે 11:00 થી સાંજે 06:00 કલાકનો રહેશે. પરીક્ષાના ડરને દૂર કરવા અને મુંઝવતા પ્રશ્નોના ઉકેલ માટે આ સુવિધા ખૂબ જ ઉપયોગી સાબિત થશે.**

# ભાવનગરના મનીષ પર્ફ્યુમ પર જીએસટી ત્રાટક્યું, તપાસનો ધમધમાટ શરૂ

**દૈનિક પલ્સ સમાચાર:** 'મનીષ પર્ફ્યુમ' પર જીએસટીના આકરા પ્રહારથી ભાવનગરનો વેપારી આલમ થથરી ઉઠ્યો છે. ભાવનગર શહેરના આંબા ચોક જેવા વ્યસ્ત વિસ્તારમાં જ્યારે જીએસટીની ગાડીઓનો કાફલો ઉતર્યો, ત્યારે આસપાસના લોકોમાં કુતૂહલ અને વેપારીઓમાં ભય વ્યાપી ગયો હતો. લાંબા સમયથી ટેક્સ ચોરીની બૂ આવતી હતી તે પર્ફ્યુમની આ દુકાન હવે કાયદાના શિકંજામાં આવી ગઈ છે. જીએસટી વિભાગની ટીમોએ માત્ર આંબા ચોકના શોરૂમ પર જ નહીં, પણ વેપારીના શિશુવિહાર વિસ્તારમાં આવેલા નિવાસસ્થાને પણ સાથોસાથ સર્ચ ઓપરેશન શરૂ કર્યું છે. કહેવાય છે કે કરોડો રૂપિયાના ટર્નઓવર સામે ખૂબ જ ઓછો ટેક્સ ભરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડવામાં આવી રહ્યું હતું. દરોડા દરમિયાન અધિકારીઓએ અંદરથી શટર પાડીને હિસાબોની બારીકાઈથી તપાસ શરૂ કરી છે. બહાર રસ્તા પર લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા, જેઓ તંત્રની આ કડક કાર્યવાહીના સાક્ષી બન્યા હતા. આ ઘટના એવા વેપારીઓ માટે લાલબત્તી સમાન છે જેઓ જીએસટીની ચોરી કરીને પોતાના બંગલા અને ગાડીઓ વસાવે છે. સૂત્રોના મતે, આ તપાસમાં મોટાપાયે 'બેનામી' વ્યવહારો અને ટેક્સના નાણાંની હેરાફેરીના પુરાવા મળી શકે છે. ભાવનગરના જાણીતા પર્ફ્યુમ વિક્રેતાના ત્યાં પડેલા આ દરોડાએ શહેરમાં ચર્ચાનો વિષય બનાવ્યો છે કે, શું હવે વારો અન્ય મોટા શોરૂમનો છે? જીએસટી તંત્રની આ ઝીરો ટોલરન્સ નીતિ કરચોરોમાં ફફડાટ પેદા કરવા માટે પૂરતી છે. હજુ પણ કેટલાય વેપારીઓ કાચા બિલ પર ધંધો કરીને સરકારના હકના પૈસા દબાવીને બેઠા છે, તેમના પર પણ આવી જ તવાઈ આવે તેવી જનતા માંગ કરી રહી છે. અત્યારે તો મનીષ પર્ફ્યુમના માલિકો અધિકારીઓના આકરા સવાલોના જવાબ આપવામાં પસીનો પાડી રહ્યા છે. **રિપોર્ટ : ઝીશાન ખૂંટ**

**ભાવનગરના આંબા ચોકમાં આવેલ જાણીતા 'મનીષ પર્ફ્યુમ' પર જીએસટી વિભાગે લાલ આંખ કરી છે. શોરૂમ અને શિશુવિહાર સ્થિત નિવાસસ્થાને એકસાથે દરોડા પાડતા કરચોરોમાં ફફડાટ મચી ગયો છે. તંત્રની આ આકરી કાર્યવાહી જોવા લોકોના ટોળા ઉમટ્યા હતા.**




# ડાકોર ફાગણી પૂનમ મહોત્સવ માટે કલેક્ટરે બેઠક યોજી

**દૈનિક પલ્સ સમાચાર:** ગુજરાતના સુપ્રસિદ્ધ યાત્રાધામ ડાકોર ખાતે આગામી ફાગણી પૂનમ મહોત્સવ-૨૦૨૬ને લઈને વહીવટી તંત્ર અત્યારથી જ એક્શન મોડમાં આવ્યું છે. ખેડા જિલ્લા કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવની અધ્યક્ષતામાં ડાકોર સર્કિટ હાઉસ ખાતે એક વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય ઉદ્દેશ્ય મહોત્સવ દરમિયાન ઉમટી પડતા લાખો પદયાત્રીઓ અને શ્રદ્ધાળુઓની સુરક્ષા તથા સુવિધા સુનિશ્ચિત કરવાનો હતો.

ડાકોર ટેમ્પલ કમિટી દ્વારા બેઠકમાં જાણકારી આપવામાં આવી હતી કે, ફાગણી પૂનમ એટલે કે ૩ માર્ચ, ૨૦૨૬ના મંગળવારે વહેલી સવારે ૨:૦૦ કલાકે ભગવાન રણછોડરાયજીની મંગળા આરતી કરવામાં આવશે. આ દિવસે દર્શનના સમયમાં પણ ભક્તોની ભીડને ધ્યાને રાખી ફેરફાર કરવામાં આવશે. સુરક્ષા વ્યવસ્થા અંગે કલેક્ટરે જણાવ્યું હતું કે, કોઈ પણ અનિચ્છનીય ઘટના ન બને તે માટે ૨૦૦૦થી વધુ પોલીસ સ્ટાફની નિયુક્તિ કરવામાં આવી છે. સમગ્ર ડાકોર શહેર અને મંદિર પરિસરને ૮ મુખ્ય બંદોબસ્ત પોઈન્ટમાં વહેંચવામાં આવ્યું છે. યાત્રિકોની મદદ માટે ૭ પોલીસ સહાયતા કેન્દ્રો ઊભા કરાશે. સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવા માટે 'નેત્રમ' કંટ્રોલ રૂમ અને સીસીટીવી કેમેરાના નેટવર્ક દ્વારા દરેક ગતિવિધિ પર બાજ નજર રાખવામાં આવશે. ભીડ વ્યવસ્થાપનના ભાગરૂપે ગોમતી તળાવની ફરતે લોકોની અવરજવર સંપૂર્ણપણે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે, જેથી અકસ્માતની સંભાવના ઘટાડી શકાય.

યાત્રિકોની સુવિધા માટે વહીવટી તંત્રએ એક નવીન અભિગમ અપનાવ્યો છે. બસ સ્ટેશન પરથી જ યાત્રીઓને મંદિરનો પ્રસાદ સરળતાથી મળી રહે તે માટે ખાસ વ્યવસ્થા કરવામાં આવશે. આનાથી મંદિર પરિસરમાં પ્રસાદ ખરીદવા માટે થતી ભીડમાં ઘટાડો થશે. કલેક્ટર શ્રી અમિત પ્રકાશ યાદવે આરોગ્ય વિભાગને પદયાત્રીઓ માટે રસ્તામાં મેડિકલ કેમ્પ, પીવાના પાણીની વ્યવસ્થા અને સફાઈ વ્યવસ્થા જાળવવા કડક સૂચનાઓ આપી હતી. એસ.ટી. વિભાગ દ્વારા પણ વધારાની બસો દોડાવવાનું આયોજન હાથ ધરાયું છે. લાખો શ્રદ્ધાળુઓની આસ્થાના આ મહોત્સવને નિર્વિઘ્ન પૂર્ણ કરવા માટે ખેડા જિલ્લા વહીવટી તંત્ર અને ડાકોર ટેમ્પલ કમિટી સંપૂર્ણ સંકલન સાથે કામ કરી રહ્યા છે. **રિપોર્ટ : હસમુખભાઈ નાયક**






# ભાવનગર ટ્રાફિક પોલીસે ૧૮૧ મોડિફાઈડ સાયલેન્સર પર રોડ-રોલર ફેરવી નાશ કર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** ભાવનગર પોલીસે 'બુલેટ રાજાઓ'ના ઘોંઘાટ સામે માસ્ટરસ્ટ્રોક માર્યો છે. શહેરના જાહેર માર્ગો પર તીવ્ર ધ્વનિ પ્રદૂષણ ફેલાવી લોકોની શાંતિ હણતા મોડિફાઇડ સાયલેન્સર સામે ભાવનગર ટ્રાફિક પોલીસે કડક હાથે કામ લીધું છે. આઈજી ગૌતમ પરમાર અને પોલીસ અધીક્ષક નીતેષ પાંડેના કડક વલણને પગલે 181 જેટલા ગેરકાયદેસર સાયલેન્સર પર રોડ-રોલર ફેરવી દેવામાં આવ્યું છે. શહેરમાં મોડિફાઇડ સાયલેન્સર ફિટ કરીને અવાજનું પ્રદૂષણ ફેલાવતા ચાલકો વિરુદ્ધ ટ્રાફિક શાખાના પીઆઈ એચ.જી. કટારીયા, પીએસઆઈ અમીન અને દવે દ્વારા વિશેષ ડ્રાઇવ રાખવામાં આવી હતી. આ ડ્રાઇવમાં વાહનો ડિટેઇન કરી, ટેકનિશ્યનો પાસે તપાસ કરાવી સાયલેન્સર જપ્ત કરાયા હતા. 9 ફેબ્રુઆરી 2026ના રોજ ડીએસપી કચેરીના ટોઇંગ વિભાગ ખાતે તમામ 181 સાયલેન્સરને જાહેરમાં રોડ-રોલર ફેરવી તોડી નાખવામાં આવ્યા હતા. પોલીસની આ કાર્યવાહીએ એવા લોકોમાં ફફડાટ ફેલાવ્યો છે જેઓ શોખ ખાતર જાહેર જનતાની સુખ-શાંતિ જોખમાવતા હતા. આ માત્ર એક ટ્રેલર છે, કારણ કે ટ્રાફિક શાખાએ હવે આવા વાહન ચાલકોને ઓળખી કાઢીને ભવિષ્યમાં વધુ કડક દંડાત્મક કાર્યવાહી કરવાની તૈયારી કરી લીધી છે. શહેરની જનતા માટે આ રાહતના સમાચાર છે, પણ નિયમ ભંગ કરનારાઓ માટે આ 'રોલર' સમાન ચેતવણી છે.
**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



# ગારિયાધાર: નવાગામમાં વિકાસકામ અંગે પ્રશ્ન પૂછતા સરપંચ પતિનો રોષ

**દૈનિક પલ્સ સમાચાર:** ગારિયાધાર તાલુકાના નવાગામના નવાબ્લોક વિસ્તારમાં ચાલી રહેલા વિકાસકામો અત્યારે વિવાદના ઘેરામાં છે. ગામમાં ચાલી રહેલા નિર્માણ કાર્યની ગુણવત્તા પર જ્યારે એક સ્થાનિક જાગૃત નાગરિકે સવાલ ઉઠાવ્યા, ત્યારે જવાબદારી સ્વીકારવાને બદલે સત્તાના નશામાં ચૂર સરપંચના પતિ ઉશ્કેરાઈ ગયા હતા. લોકશાહી વ્યવસ્થામાં પારદર્શિતાની અપેક્ષા રાખતા નાગરિકને સમજાવવાને બદલે સરપંચના પતિએ અશોભનીય વર્તન કર્યું હોવાનું જણાવાયું છે.

વિગતો મુજબ, કામની ચકાસણી કરી રહેલા નાગરિકને ધમકાવતા સરપંચના પતિએ હાથમાં પાવડો ઉઠાવી લીધો હતો અને હુમલો કરવાની કોશિશ સાથે જાનથી મારવાની ધમકી આપી હોવાનો આક્ષેપ છે. આ ઘટનાને કારણે ગામમાં ભારે ચકચાર મચી ગઈ છે અને લોકોમાં રોષ ફાટી નીકળ્યો છે. ગ્રામજનોનું માનવું છે કે સરકારી નાણાંનો ઉપયોગ થતો હોય ત્યારે નાગરિકોને હિસાબ અને ગુણવત્તા વિશે પૂછવાનો પૂરો અધિકાર છે. ધમકીની આ સંસ્કૃતિ ગ્રામ્ય સ્તરે લોકશાહીના મૂલ્યોને નુકસાન પહોંચાડી રહી છે. સ્થાનિકો હવે જિલ્લા વહીવટી તંત્ર પાસે આ કિસ્સામાં દખલગીરી કરવાની અને જવાબદાર સામે કાયદેસરની કાર્યવાહી કરવાની માંગ કરી રહ્યા છે, જેથી ભવિષ્યમાં કોઈ પણ નાગરિક અવાજ ઉઠાવતા ડરે નહીં.
**રિપોર્ટ : ઝીશાન ખૂંટ**



**ગારિયાધારના નવાગામમાં ચાલી રહેલા નિર્માણ કાર્ય અંગે સવાલ ઉઠાવતા વિવાદ સર્જાયો છે. એક જાગૃત નાગરિકે કામની ગુણવત્તા પર પ્રશ્ન પૂછતા સરપંચના પતિ ઉશ્કેરાયા હતા અને પાવડો ઉઠાવી ધમકી આપી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે.**

# રણાસણ: બાવીસ ગામ લેઉવા પાટીદાર સમાજનો 28મો સમૂહ લગ્ન ઉત્સવ



## રણાસણ ખાતે બાવીસ ગામ લેઉવા પાટીદાર સમાજના સમૂહ લગ્ન

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના રણાસણ સમાજ વાડી ખાતે બાવીસ ગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા આયોજિત 28મો સમૂહ લગ્ન ઉત્સવ અત્યંત દબદબાભેર અને ભવ્ય રીતે સંપન્ન થયો છે. આ મંગલ પ્રસંગે સમાજના 26 નવયુગલ દંપતીઓએ પ્રભુતામાં પગલાં માંડીને આદર્શ લગ્નજીવનના શ્રીગણેશ કર્યા હતા. આ લગ્નોત્સવમાં આશીર્વાદ વચન આપતા રામપુર કુવાયડાના નીજુબેન (ધર્મ પ્રચારિકા) એ નવદંપતીઓને ધર્મ અને સંસ્કાર સાથે જીવન જીવવાની શીખ આપી હતી. આ પ્રસંગે સાબરકાંઠા જિલ્લા પ્રમુખ ભારતીબેન પટેલ, તલોદ એપીએમસીના પ્રમુખ સંજયભાઈ પટેલ, મહેન્દ્રભાઈ જે. પટેલ, પ્રવીણભાઈ પટેલ, ગણપતલાલ પટેલ અને કે. કે. પટેલ સહિતના અગ્રણીઓએ ઉપસ્થિત રહીને નવયુગલોને અભિનંદન પાઠવ્યા હતા. સ્વાગત પ્રવચન દરમિયાન સમાજના પ્રમુખ અને જાણીતા શિક્ષણવિદ ડો. ડી.એલ પટેલે મહેમાનોનું હાર્દિક સ્વાગત કર્યું હતું. તેમણે પોતાના વક્તવ્યમાં જણાવ્યું હતું કે, પાટીદાર સમાજે અનેક ક્ષેત્રોમાં સિદ્ધિઓ મેળવી છે, પરંતુ હવે સમયની માંગ છે કે સમાજ ખોટા ખર્ચા અને દેખાદેખીના આડંબરથી દૂર રહે. તેમણે શિક્ષણ થકી સમાજની એક આગવી ઓળખ ઊભી કરવા માટે યુવાનોને હાકલ કરી હતી.

આ સમૂહ લગ્નમાં સામાજિક દાતારીનું પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ જોવા મળ્યું હતું. હડમતીયા લેઉવા પાટીદાર સમાજે ભોજનદાતા તરીકેની જવાબદારી નિભાવી હતી. આ સાથે પાનેતર અને ઘરવખરીની ચીજવસ્તુઓના દાતાઓએ પણ ઉદાર હાથે સહયોગ આપ્યો હતો. જે બદલ તમામ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું. આવનારા વર્ષો માટે પણ અનેક દાતાઓએ પોતાની નોંધણી કરાવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડો. અરવિંદ એસ. પટેલે શાલિનતાપૂર્વક કર્યું હતું, જ્યારે આભાર વિધિ મંત્રી રમેશભાઈ વિઠ્ઠલભાઈ પટેલે કરી હતી. કાર્યક્રમને સફળ બનાવવા માટે મહેન્દ્રભાઈ ડી. પટેલ, પ્રકાશકુમાર પટેલ, જયદીપભાઇ પટેલ અને કનુભાઈ પટેલ સહિતના યુવા સભ્યો અને આગેવાનોએ તન-મનથી સહકાર આપ્યો હતો. આ આયોજને બાવીસ ગામ સમાજમાં એકતા અને સંસ્કારના દર્શન કરાવ્યા હતા.

**રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર**

**રણાસણ ખાતે બાવીસ ગામ લેઉવા પાટીદાર સમાજ દ્વારા 28મો સમૂહ લગ્ન ઉત્સવ યોજાયો હતો, જેમાં 26 નવયુગલો લગ્નગ્રંથિથી જોડાયા હતા. આ પ્રસંગે પ્રણામી સંપ્રદાયના નીજુબેન અને જિલ્લા પ્રમુખ ભારતીબેન પટેલ સહિત અનેક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. સમાજના પ્રમુખ ડો. ડી.એલ પટેલે શિક્ષણ અને સાદગીપૂર્ણ લગ્ન પર ભાર મૂક્યો હતો. હડમતીયા લેઉવા પાટીદાર સમાજે ભોજનદાતા તરીકે સેવા આપી હતી. અનેક દાતાઓએ પાનેતર અને જીવન જરૂરિયાતની વસ્તુઓ ભેટ આપી નવયુગલોને પ્રોત્સાહિત કર્યા હતા. પ્રો. ડો. અરવિંદ પટેલે કાર્યક્રમનું સફળ સંચાલન કર્યું હતું.**

# હિંમતનગરમાં જ્વેલર્સના કર્મચારીઓએ સગીરાને લવ જેહાદમાં ફસાવવાનો પ્રયાસ કર્યો

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠાના હિંમતનગરમાં એક ચોંકાવનારી ઘટના સામે આવી છે, જેમાં પ્રતિષ્ઠિત જ્વેલર્સ શોરૂમના કર્મચારીઓએ ગ્રાહકોની ગુપ્ત માહિતીનો લવ જેહાદ માટે ઉપયોગ કર્યો હતો. એક સગીરાના પરિવારે ઘરેણાં ખરીદ્યા બાદ ફીડબેક ફોર્મમાં આપેલા મોબાઈલ નંબર અને સરનામાના આધારે શોરૂમના કર્મચારીઓએ સગીરાને પ્રેમજાળમાં ફસાવવાનો અને તેને બ્લેકમેલ કરવાનો પ્રયાસ કર્યો હતો.

આરોપીઓએ સગીરાના ફોટા એડિટ કરી તેને વાયરલ કરવાની ધમકી આપી પરિવાર પાસે ₹5 લાખની માંગણી કરી હતી. હિંમતનગર એ ડિવિઝન પોલીસે આ મામલે ફરિયાદ મળતા જ આરટીઓ બાયપાસ પાસે છટકું ગોઠવી આરોપીઓને રંગેહાથ ઝડપી લીધા હતા. ધરપકડ કરાયેલા આરોપીઓમાં રાજસ્થાનના મોહમ્મદ શાહિદ શેખ અને હિંમતનગરના મોહમ્મદ શોહેલ મકરાણીનો સમાવેશ થાય છે, જ્યારે અન્ય એક આરોપી મનિષ ગઢવી સામે પણ ગુનો નોંધાયો છે. બીજી તરફ, આ ગંભીર મુદ્દાને લઈ વિશ્વ હિન્દુ પરિષદના આગેવાનો અને મહિલા પાંખ દ્વારા જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. વીએચપી ઉપાધ્યક્ષ ઉર્વેશીબેન ત્રિવેદીએ માંગ કરી છે કે આવા શોરૂમમાં કામ કરતા કર્મચારીઓની યોગ્ય તપાસ થાય અને ડેટા ચોરીના મામલે જ્વેલર્સની ભૂમિકાની પણ ઊંડી તપાસ કરવામાં આવે. આ કિસ્સાએ સાબિત કર્યું છે કે શોરૂમમાં અપાતી ખાનગી વિગતોનો ઉપયોગ ગુનાહિત માનસ ધરાવતા લોકો કઈ હદે કરી શકે છે. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર.**




**હિંમતનગરમાં જાણીતા જ્વેલર્સ શોરૂમના ડેટાનો દુરુપયોગ કરી સગીરાને લવ જેહાદમાં ફસાવવાનો પ્રયાસ કરનાર બે શખ્સોને પોલીસે ઝડપી લીધા છે. ફીડબેક ફોર્મમાંથી નંબર મેળવી સગીરાને ધમકાવી પાંચ લાખની ખંડણી માંગવામાં આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદે કડક કાર્યવાહીની માંગ કરી છે.**




# અમદાવાદ: 5 ઝોનમાં કાલે ઓછા પ્રેશરથી પાણી આવશે

**દૈનિક પલ્સ સમાચાર: અમદાવાદ:** શહેરના અડધાથી વધુ ભાગને પાણી પૂરું પાડતા કોતરપુર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટમાં આવશ્યક મેન્ટેનન્સની કામગીરીને કારણે આવતીકાલે પાણી પુરવઠો ખોરવાશે. GETCO દ્વારા પાવર લાઈનમાં મેન્ટેનન્સ માટે શટડાઉન લેવામાં આવતા કોતરપુર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશનની કામગીરી પ્રભાવિત થઈ છે. જેના કારણે 11 ફેબ્રુઆરી, બુધવારના રોજ અમદાવાદના પાંચ ઝોનમાં પાણી કાપ લાદવામાં આવ્યો છે.

મ્યુનિસિપલ કોર્પોરેશનના સૂત્રોના જણાવ્યા અનુસાર, આજે 10 ફેબ્રુઆરીએ સવારે પાણીનું વિતરણ કર્યા બાદ પ્લાન્ટને સાંજે 4 વાગ્યા સુધી બંધ કરી દેવામાં આવ્યો હતો. આ મેન્ટેનન્સ પ્રોસેસને લીધે આવતીકાલે સવારે શહેરના ઉત્તર, પૂર્વ, મધ્ય, પશ્ચિમ અને દક્ષિણ ઝોનમાં પાણીનો જથ્થો મર્યાદિત માત્રામાં મળશે. ખાસ કરીને જે વિસ્તારોમાં કોતરપુરથી સીધું પાણી જાય છે ત્યાં પ્રેશર ખૂબ જ ઓછું રહેશે.

પ્રભાવિત વિસ્તારોની યાદીમાં નરોડા, સરદારનગર, બાપુનગર, ઠક્કરનગર, નિકોલ, ઓઢવ, વિરાટનગર, સૈજપુર અને નારોલનો સમાવેશ થાય છે. મધ્ય અમદાવાદના શાહીબાગ, અસારવા, શાહપુર, દરિયાપુર, જમાલપુર અને ખાડિયામાં પણ પાણીની અસર વર્તાશે. પશ્ચિમ અમદાવાદમાં સાબરમતી, મોટેરા, ચાંદખેડા અને સરદાર પટેલ સ્ટેડિયમ વિસ્તારના રહીશોએ પણ પાણીની સમસ્યાનો સામનો કરવો પડશે.

આવતીકાલે બુધવારે 15થી વધુ મુખ્ય વિસ્તારોમાં પાણી ખૂબ ધીમા પ્રેશરથી આવવાની શક્યતા હોવાથી નાગરિકોએ અગાઉથી પાણીનો સંગ્રહ કરી લેવા અપીલ કરાઈ છે. આ શટડાઉન માત્ર એક દિવસ માટે જ છે, અને તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે કામગીરી પૂર્ણ કરવામાં આવી રહી છે. 12 ફેબ્રુઆરી, ગુરુવારથી શહેરના તમામ વિસ્તારોમાં પાણી પુરવઠો તેની નિર્ધારિત ક્ષમતા અને સમય મુજબ રાબેતા મુજબ શરૂ થઈ જશે. **રિપોર્ટ : દિવ્યેશ શ્રીમાળી**




# હિંમતનગર GIDC ખાતે વેપાર-ઉદ્યોગ બજેટ પરિસંવાદનું ભવ્ય આયોજન થયું

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લા ભાજપના નેજા હેઠળ હિંમતનગર GIDC ખાતે વેપારીઓ અને ઉદ્યોગકારો માટે એક મહત્વપૂર્ણ બજેટ પરિસંવાદનું આયોજન કરવામાં આવ્યું હતું. સોમવારે GIDC હોલ ખાતે યોજાયેલા આ કાર્યક્રમમાં હિંમતનગરના ધારાસભ્ય વી.ડી. ઝાલા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે સરકારના બજેટને વેપારલક્ષી ગણાવી ઉદ્યોગોના વિકાસમાં તે કઈ રીતે મદદરૂપ થશે તેની ચર્ચા કરી હતી.

પરિસંવાદમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ અને ટેક્સ નિષ્ણાતો દ્વારા બજેટનું ઊંડાણપૂર્વક વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. કન્વીનર સીએ અરવિંદભાઈ દોશી અને સહ કન્વીનર પ્રફુલભાઈ કાથાવાલાએ ઉપસ્થિત 60 જેટલા ઉદ્યોગકારો અને વેપારીઓને ટેક્સેશન અને નવી સ્કીમો વિશે માહિતગાર કર્યા હતા. GIDCના વિવિધ ઉદ્યોગોના પ્રતિનિધિઓએ આ તકે બજેટને લગતા પોતાના પ્રશ્નો અને મંતવ્યો પણ રજૂ કર્યા હતા. આ કાર્યક્રમમાં જિલ્લા ભાજપ મહામંત્રી ગણપતસિંહ ઝાલા, GIDC પ્રમુખ શ્યામભાઈ સલૂજા, અને નાગરિક બેંકના ચેરમેન દિલીપભાઈ શાહ સહિતના સામાજિક અને રાજકીય આગેવાનોએ હાજરી આપી હતી. બજેટના અમલીકરણ અને તેનાથી સ્થાનિક સ્તરે રોજગારી અને આર્થિક વૃદ્ધિ પર થનારી અસરો અંગે સકારાત્મક ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ઉદ્યોગકારોએ આ પ્રકારના આયોજનને આવકારી બજેટની સમજ મેળવવામાં તેને ઉપયોગી ગણાવ્યું હતું.

**રિપોટ : ઘનશ્યામસિંહ પરમાર**



# મહીસાગર: ₹123 કરોડના જલ જીવન મિશન કૌભાંડમાં તંત્રની લાલ આંખ

**દૈનિક પલ્સ સમાચાર:** 'નલ સે જલ' કે 'પૈસા સે ખેલ'? મહીસાગર જિલ્લામાં જલ જીવન મિશનના નામે જે પ્રકારે ₹123 કરોડનું મસમોટું ગાબડું પાડવામાં આવ્યું છે, તેણે સરકારી સિસ્ટમમાં રહેલા ઉધઈ જેવા ભ્રષ્ટાચારીઓની પોલ ખોલી નાખી છે. કરોડો રૂપિયાની જનતાની પરસેવાની કમાણી સ્વાહા કરી જનારા 7 અધિકારીઓ સામે વાસ્મો (WASMO) એ અંતે ગાજ વરસાવી છે. આ કૌભાંડના મુખ્ય સૂત્રધારો ગણાતા આસી. મેનેજર અને કોઓર્ડીનેટર કક્ષાના સાત અધિકારીઓને ઘરભેગા કરવામાં આવ્યા છે. સસ્પેન્ડ થયેલા ગીરીશ વાળંદ, નાથાલાલ ડામોર, મહેન્દ્ર રાઠોડ, જર્નાદન પટેલ, નિકુંજ વાળંદ, હાર્દિક પટેલ અને સાયમન પરમાર હવે તપાસના ઘેરામાં છે. વાસ્મોની વડી કચેરીએ આ ભ્રષ્ટ બાબુઓ પર ગાળિયો કસતા સ્પષ્ટ કર્યું છે કે તપાસ પૂરી ન થાય ત્યાં સુધી તેમને એક રૂપિયો પણ પગાર આપવામાં આવશે નહીં. આ ઉપરાંત, આ આરોપીઓ પુરાવા સાથે છેડછાડ ન કરે તે માટે પોલીસની મંજૂરી વગર જિલ્લો છોડવા પર પણ પ્રતિબંધ મૂકી દેવાયો છે. પરંતુ સવાલ એ ઉભો થાય છે કે ₹123 કરોડનું કૌભાંડ શું આટલા નાના કર્મચારીઓના જોરે શક્ય છે? શું આ પાછળ કોઈ સફેદ કોલરવાળા મોટા માથાઓનો હાથ નથી? 'ઝીરો ટોલરન્સ'ના બણગા ફૂંકતી સરકાર માટે આ એક મોટો પડકાર છે. આ યોજના હેઠળ ઘર-ઘર સુધી પાણી પહોંચાડવાનું સપનું બતાવીને આ અધિકારીઓએ પોતાના બંગલા અને બેંક બેલેન્સ ભરી દીધા હોવાનું ચર્ચાઈ રહ્યું છે. પ્રશાસને અત્યારે તો લાલ આંખ કરી છે, પણ જો આ અધિકારીઓ સામે ફોજદારી ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલવામાં નહીં આવે અને લૂંટાયેલા પૈસાની રિકવરી નહીં થાય, તો આ કાર્યવાહી માત્ર દેખાવ પૂરતી બની રહેશે. દૈનિક પલ્સ સમાચાર આ કૌભાંડના મૂળ સુધી પહોંચવા માટે સતત નજર રાખશે.

**મહીસાગર જિલ્લામાં જલ જીવન મિશનના નામે આચરાયેલા ₹123 કરોડના ભ્રષ્ટાચારમાં તંત્રએ અંતે લાલ આંખ કરી છે. વાસ્મો (WASMO) ની વડી કચેરીએ આસી. મેનેજરથી લઈ કોઓર્ડીનેટર કક્ષાના 7 અધિકારીઓને ઘરભેગા કરી દીધા છે. સસ્પેન્ડ થયેલા ગીરીશ વાળંદ, નાથાલાલ ડામોર સહિતના અધિકારીઓના વેતન અટકાવી દેવાયા છે અને મંજૂરી વિના જિલ્લો છોડવા પર પ્રતિબંધ મુકાયો છે. યોજના 'હર ઘર નલ' માટે હતી કે 'હર બાબુના ખિસ્સા' ભરવા માટે? તેવો વેધક સવાલ હવે જનતા પૂછી રહી છે. રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

# મહીસાગર એલ.સી.બી. એ ફિલ્મી ઢબે પીછો કરી હથિયારો સાથે આંતરરાજ્ય લૂંટારુ ગેંગના ૬ સાગરીતોને ઝડપ્યા

## મહીસાગરમાં હથિયારો સાથે આંતરરાજ્ય લૂંટારુ ગેંગના 6 સાગરીતો ઝડપાયા

**દૈનિક પલ્સ સમાચાર:** મહીસાગર જિલ્લામાં સુરક્ષા વ્યવસ્થાને વધુ મજબૂત બનાવતા જિલ્લા એલ.સી.બી. (LCB) એ આંતરરાજ્ય લૂંટારુ ગેંગનો પર્દાફાશ કર્યો છે. પોલીસની ટીમે બાતમીના આધારે સચોટ આયોજન કરી હથિયારો સાથે લૂંટના ઈરાદે નીકળેલા 6 રીઢા ગુનેગારોને દબોચી લીધા છે. આ કામગીરી દરમિયાન પોલીસે શંકાસ્પદ સફેદ અર્ટિગા કારનો પીછો કરીને તમામ આરોપીઓને ઝડપી પાડ્યા હતા. કારની તપાસ દરમિયાન પોલીસને એક દેશી તમંચો, બે જીવતા કારતૂસ અને ઘરફોડ ચોરીમાં વપરાતા હથિયારો મળી આવ્યા હતા. પોલીસ પૂછપરછમાં આ ગેંગે લુણાવાડાના ભાણપુર સહિત સેવાલિયા, કોઠંબા અને લુણાવાડાના ગ્રામ્ય વિસ્તારોમાં અનેક મંદિરો અને મકાનોમાં લૂંટ ચલાવી હોવાની કબૂલાત કરી છે. ઝડપાયેલા આરોપીઓમાં લુણાવાડાના કાંતિભાઈ બાબુભાઈ ચાવડા મુખ્ય સૂત્રધાર હોવાનું જણાય છે, જેની સાથે મધ્યપ્રદેશના ભીંડ અને દતિયા જિલ્લાના રીઢા ગુનેગારો જોડાયેલા હતા. પકડાયેલા આરોપીઓની યાદીમાં ગોવિંદ પરીહાર, આબુદ્દીન ઉર્ફે મામા, જબરૂદ્દીન ખાન, સલામુદ્દીન કુરેશી અને સમસાદ ખાન કુરેશીનો સમાવેશ થાય છે. આ ગેંગ હાઈવે પરના નિર્જન વિસ્તારોમાં લૂંટ કરવા માટે જાણીતી હતી. પોલીસ કાર્યવાહીમાં અંદાજે ₹6.31 લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. મહીસાગર પોલીસે જે રીતે આંતરરાજ્ય ગેંગના નેટવર્કને તોડ્યું છે, તેનાથી સ્થાનિક લોકોમાં સુરક્ષાની ભાવના વધી છે. આ કેસમાં પોલીસ હવે એ દિશામાં તપાસ કરી રહી છે કે આ ગેંગ સાથે અન્ય કયા શખ્સો જોડાયેલા છે અને ગુજરાતના અન્ય કયા જિલ્લાઓમાં તેઓએ ગુના આચર્યા છે. જિલ્લા પોલીસની આ સફળતાથી ગુનેગારોમાં ફફડાટ ફેલાયો છે.



**મહીસાગર એલ.સી.બી. ટીમે બાતમીના આધારે આંતરરાજ્ય લૂંટારુ ગેંગના 6 સાગરીતોને હથિયારો સાથે ઝડપી પાડ્યા છે. સફેદ અર્ટિંગા કારનો પીછો કરી પોલીસે દેશી તમંચો અને જીવતા કારતૂસ સહિત કુલ ₹6.31 લાખનો મુદ્દામાલ જપ્ત કરી ચોરીના અનેક ગુનાઓ ઉકેલી નાખ્યા છે. રિપોર્ટ : નરેન્દ્રસિંહ પરમાર**

# સાબરકાંઠામાં સ્ટ્રોબેરીની સફળ પ્રાકૃતિક ખેતી કરી ખેડૂત બન્યા સધ્ધર

**દૈનિક પલ્સ સમાચાર:** સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાનું ચિત્રોડી ગામ આજે પ્રાકૃતિક ખેતીના મોડેલ તરીકે ઉભરી આવ્યું છે. અહીંના પ્રગતિશીલ ખેડૂત કરશનભાઈ પટેલે સાબિત કરી દીધું છે કે જો યોગ્ય આયોજન અને પ્રાકૃતિક પદ્ધતિ હોય તો ગમે તેવા પાકમાં સફળતા મળી શકે છે. નિવૃત્ત ગ્રામસેવક એવા કરશનભાઈ 2008થી ગાય આધારિત ખેતી સાથે જોડાયેલા છે અને છેલ્લા ત્રણ વર્ષથી સ્ટ્રોબેરીનું સફળ ઉત્પાદન કરી રહ્યા છે.

ચાલુ વર્ષે તેમણે 5000 જેટલા સ્ટ્રોબેરીના છોડ વાવ્યા છે, જેમાંથી દર અઠવાડિયે 160 કિલોથી વધુ ઉત્પાદન મળી રહ્યું છે. બજારમાં આ પ્રાકૃતિક સ્ટ્રોબેરી 400 રૂપિયે કિલોના ભાવે વેચાય છે. કરશનભાઈના મતે, રાસાયણિક ખાતરો અને દવાઓ જમીન અને સ્વાસ્થ્ય બંનેને નુકસાન પહોંચાડે છે. તેની સામે ગાય આધારિત ખેતીથી જમીન પોચી બને છે, અળસિયા વધે છે અને ખર્ચમાં મોટો ઘટાડો થાય છે.

માત્ર સાબરકાંઠા જ નહીં પણ અન્ય જિલ્લાના ખેડૂતો અને કૃષિ વિદ્યાર્થીઓ પણ તેમના ખેતરની મુલાકાત લઈ માર્ગદર્શન મેળવે છે. કરશનભાઈ પોતે પાંચ ગીર ગાય ધરાવે છે અને આસપાસના ખેડૂતોને પણ ઝેરમુક્ત ખેતી કરવા પ્રોત્સાહિત કરે છે. તેમનો આ પ્રયોગ સાબિત કરે છે કે પ્રાકૃતિક ખેતી એ માત્ર પર્યાવરણની રક્ષા નથી, પરંતુ આર્થિક સધ્ધરતા મેળવવાનો શ્રેષ્ઠ માર્ગ છે. **રિપોર્ટ : વિશાલ ચૌહાણ**



**સાબરકાંઠાના ઇડરના ચિત્રોડી ગામના ખેડૂત કરશનભાઈ પટેલે ગાય આધારિત પ્રાકૃતિક ખેતી અપનાવી સ્ટ્રોબેરીનું સફળ ઉત્પાદન મેળવ્યું છે. માત્ર 1 લાખના ખર્ચે 8 લાખ સુધીના નફાની અપેક્ષા સાથે તેઓ અન્ય ખેડૂતો અને કૃષિ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત બન્યા છે.**




# હિંમતનગરમાં નેનોટેકનોલોજી વિષય પર રાજ્યસ્તરીય પરિસંવાદ

**દૈનિક પલ્સ સમાચાર:** હિંમતનગર કેળવણી મંડળ સંચાલિત ધ એચ.એન.એસ.બી. લિ. સાયન્સ કોલેજ દ્વારા વિજ્ઞાન અને ટેકનોલોજીના આધુનિક પ્રવાહોથી વિદ્યાર્થીઓને માહિતગાર કરવાના ઉમદા હેતુથી "Nanotechnology" વિષય પર એક દિવસીય રાજ્યસ્તરીય પરિસંવાદનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ ફિઝિક્સ ડિપાર્ટમેન્ટ, IQAC તેમજ હાયર એજ્યુકેશન ડિપાર્ટમેન્ટ અને KCGના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો.

પરિસંવાદના ઉદ્ઘાટન સમારોહમાં મુખ્ય વક્તા (Key Note Speaker) તરીકે હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના કુલપતિ પ્રોફ. ડો. કે.સી. પોરિયા ઉપસ્થિત રહ્યા હતા. તેમણે નેનોટેકનોલોજીના વૈજ્ઞાનિક પાસાઓ, આધુનિક સંશોધનો અને માનવ જીવનમાં તેના બહુવિધ ઉપયોગો વિશે ઊંડાણપૂર્વક અને પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું હતું. તેમણે આ ક્ષેત્રમાં રહેલી ભવિષ્યની રોજગારી અને સંશોધનની વિપુલ સંભાવનાઓ પર ભાર મૂક્યો હતો.

તકનીકી સત્ર દરમિયાન આમંત્રિત વક્તા તરીકે વલ્લભ વિદ્યાનગરની એસ.પી. યુનિવર્સિટીના ફિઝિક્સ વિભાગના હેડ પ્રોફ. ડો. એમ.પી. દેશપાંડે અને ગુજરાત યુનિવર્સિટીના પ્રોફ. ડો. પી.એન. ગજ્જર દ્વારા નેનો મટીરિયલ્સના સંશ્લેષણ અને તેની લાક્ષણિકતાઓ પર સચોટ માહિતી આપવામાં આવી હતી. આ પ્રસંગે મહેમાન તરીકે હિંમતનગર નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ઉપેન્દ્રભાઈ ગઢવીએ પણ હાજરી આપી હતી.

કેળવણી મંડળના સહમંત્રી પરાગભાઈ દોશી, સભ્ય મૌનેશભાઈ શાહ અને ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના ફિઝિક્સ બોર્ડ ઓફ સ્ટડીઝના ચેરમેન મનુભાઈ ચૌધરી સહિત મહેસાણા, ઊંઝા અને પેટલાદની વિવિધ કોલેજોના પ્રિન્સિપાલશ્રીઓએ આ પરિસંવાદની શોભા વધારી હતી. કોલેજના પ્રિન્સિપાલ ડો. પંકજભાઈ એસ. પટેલે મહેમાનોનું સ્વાગત કરી કોલેજની ઉત્તરોત્તર વિકાસગાથા રજૂ કરી હતી.

પરિસંવાદની વિશેષતા એ રહી કે તેમાં સમગ્ર ગુજરાતમાંથી 252 જેટલા ડેલિગેટ્સે ઉત્સાહભેર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. વિદ્યાર્થીઓ અને રિસર્ચ સ્કોલર્સ માટે પોસ્ટર પ્રેઝન્ટેશન અને ઓરલ પ્રેઝન્ટેશન જેવી સ્પર્ધાઓ યોજવામાં આવી હતી. આ સ્પર્ધાઓમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કરનાર પ્રથમ અને દ્વિતીય વિજેતાઓને શીલ્ડ અને પ્રમાણપત્રો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

કાર્યક્રમના કન્વીનર તરીકે ડો. એમ.એન. પરમાર તેમજ ઓર્ગેનાઈઝિંગ સેક્રેટરી તરીકે પ્રો. અનિલભાઈ સરડવા અને સુરેશભાઈ પ્રજાપતિએ આયોજનને સફળ બનાવવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન પ્રો. ડો. એમ.એમ. પ્રજાપતિએ પોતાની આગવી શૈલીમાં કર્યું હતું. આ પરિસંવાદના અંતે સહભાગીઓએ નેનોટેકનોલોજીના ક્ષેત્રમાં સંશોધન માટે નવી દિશા અને પ્રેરણા પ્રાપ્ત કરી હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો. **રિપોર્ટ : ઘનશ્યામસિંહ પરમાર.**




# પ્રણામી વણકર સમાજનો 11મો ભવ્ય સમૂહ લગ્નોત્સવ કુમ્પ મુકામે સંપન્ન

**દૈનિક પલ્સ સમાચાર:** શ્રી અડસઠ બારીશ પ્રણામી વણકર સમાજ દ્વારા કુમ્પ મુકામે 8 ફેબ્રુઆરી, 2026ના રોજ ભવ્ય સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. 14 ગામના પ્રણામી સમાજ દ્વારા આયોજિત આ 11મો સમૂહ લગ્નોત્સવ હતો, જેમાં 41 નવયુગલોએ લગ્નગ્રંથિથી જોડાઈને મંગલમય જીવનની શરૂઆત કરી હતી. આ પ્રસંગે આયોજન સમિતિના પ્રમુખ પશાભાઈ પ્રણામી, અધ્યક્ષ દલાભાઈ પ્રણામી અને કન્વીનર રસિકચંદ્ર સોલંકી સહિતના અગ્રણીઓએ વિશેષ જહેમત ઉઠાવી હતી. સમાજમાં શિક્ષણના વ્યાપ અને સામાજિક એકતાના સંદેશ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં અનેક મહાનુભાવોએ હાજરી આપી હતી. અગ્રણીઓએ નવપરિણીત યુગલોને સુખ અને સમૃદ્ધિના આશીર્વાદ આપ્યા હતા.

સમૂહ લગ્નમાં દીકરીઓને ભેટ સોગાદો આપવામાં અનેક દાતાઓ આગળ આવ્યા હતા. પારસ સાડી પેલેસ તરફથી દરેક દીકરીને સુંદર પાનેતર પહેરાવી સુશોભિત કરવામાં આવી હતી. આ ઉપરાંત, સ્વ. લાખાભાઇ બેચરભાઈ પટેલ અતિશય ઉપવન પરિવાર (મયુરભાઈ પટેલ અને હિતેન્દ્રભાઇ પટેલ) તરફથી 3 લાખ રૂપિયાનું માતબર દાન આપવામાં આવ્યું હતું. આ પ્રસંગે સંજયભાઈ પ્રણામીએ એન્કર તરીકે પ્રશંસનીય કામગીરી કરી હતી. આ સમૂહ લગ્નોત્સવે સમાજમાં સાદગી અને એકતાનું ઉમદા ઉદાહરણ પૂરું પાડ્યું હતું.



**સાબરકાંઠાના હિંમતનગર તાલુકાના વાટડા ગામના ડુંગર પર દીપડો દેખાતા ગ્રામજનોમાં ફફડાટ વ્યાપ્યો છે. વન વિભાગે આ દીપડો હોવાની પુષ્ટિ કરી છે અને તેને પકડવા માટે ટૂંક સમયમાં પાંજરું મુકવાની ખાતરી આપી છે. રિપોર્ટ : વિશાલ ચૌહાણ**

# જેતપુર: ભાદર નદીના પ્રદૂષણ સામે ખેડૂતોના આરપારના જંગના મંડાણ

**દૈનિક પલ્સ સમાચાર:** જેતપુરનું ગૌરવ ગણાતી ભાદર નદી આજે ઉદ્યોગકારોના પાપ અને તંત્રની લાલચની બલિ ચડી ગઈ છે. લાંબા સમયથી ચાલી રહેલા પ્રદૂષણના ખેલ સામે અંતે કંટાળેલા ખેડૂતો અને પર્યાવરણ પ્રેમીઓએ આરપારના જંગનું બ્યુગલ ફૂંક્યું છે. આજે જેતપુર GPCB કચેરી સામે ખેડૂતોએ અનિશ્ચિત કાળના ધારણા શરૂ કરી દેતા વહીવટી તંત્રમાં ફફડાટ ફેલાયો છે. આ અકસ્માત નથી પણ એક સોચ્યું-સમજ્યું કૌભાંડ છે. જેતપુરના કેટલાક કારખાનેદારો રાતોરાત અમીર બનવાના ચક્કરમાં કોઈપણ ટ્રીટમેન્ટ વગર કેમિકલયુક્ત પાણી પાઈપલાઈનો વાટે ભાદર નદીમાં ઠાલવી રહ્યા છે. આ પ્રદૂષણની અસર એટલી ભયાનક છે કે હજારો એકર ખેતીની જમીન હવે રેતીના રણ જેવી બંજર બની ગઈ છે. ખેડૂતોનો કિંમતી પાક અને બિયારણના નાણાં પણ કેમિકલને કારણે નદીમાં વહી રહ્યા છે. હદ તો ત્યાં થાય છે કે GPCB માત્ર કાગળના વાઘ બનીને પાલિકાને નોટિસો ફટકારીને પોતાની જવાબદારી ખંખેરી નાખે છે. શહેરના અનેક વિસ્તારોમાં નળ વાટે પણ લાલ-પીળું કેમિકલવાળું પાણી આવતું હોવા છતાં રાજકીય નેતાઓ આંખ આડા કાન કરી રહ્યા છે. લડતની આગેવાની લેનાર મહેશભાઈ કોટડીયાએ આક્ષેપ કર્યો છે કે અધિકારીઓ અને ઇન્ડસ્ટ્રિયાલિસ્ટો વચ્ચેની મિલીભગતને કારણે આ જીવલેણ પ્રદૂષણ અટકતું નથી. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે જ્યાં સુધી નગરપાલિકા અને ઉદ્યોગકારો સામે કડક કાયદેસરની કાર્યવાહી નહીં થાય અને નદીને ઝેરમુક્ત નહીં કરાય ત્યાં સુધી આ ધારણા સમેટાશે નહીં. જરૂર પડ્યે આ આંદોલન ભૂખ હડતાલનું સ્વરૂપ ધારણ કરશે. હવે જોવાનું એ રહે છે કે એસી ઓફિસોમાં બેઠેલા અધિકારીઓ ખેડૂતોની વેદના સાંભળે છે કે પછી હંમેશની જેમ પ્રદૂષણ ફેલાવનારાઓનું રક્ષણ કરે છે.
**રીપોટ : ચિરાગ સોલંકી**




**જેતપુરમાં ભાદર નદીને પ્રદૂષણનું નરક બનાવી દેનારા કારખાનેદારો અને લાચાર GPCB સામે ખેડૂતોએ મોરચો માંડ્યો છે. જમીનો બંજર બની રહી હોવા છતાં તંત્ર માત્ર નોટિસોના ખેલ રમી રહ્યું છે, જેથી રોષે ભરાયેલા પર્યાવરણ પ્રેમીઓએ અચોક્કસ મુદતના ધારણા શરૂ કર્યા છે**

# નડિયાદ: જય પાટીલ આપઘાત કેસમાં પોલીસ નિષ્ફળ, સમાજમાં રોષ

## નડિયાદ આપઘાત કેસ: 5 દિવસ બાદ પણ આરોપીઓ ફરાર

**દૈનિક પલ્સ સમાચાર:** નડિયાદની દિનશા પટેલ નર્સિંગ કોલેજના હોનહાર વિદ્યાર્થી જય પાટીલના આપઘાત પ્રકરણમાં પાંચ દિવસ બાદ પણ ન્યાય મેળવવા માટે પરિવારે ફાંફા મારવા પડી રહ્યા છે. એક તરફ એક યુવાનનો સંસાર ઉજડી ગયો છે અને બીજી તરફ પોલીસ તંત્રના ઢીલા રવૈયાને કારણે મુખ્ય આરોપીઓ બેખોફ થઈને રખડી રહ્યા છે. કોલેજના પ્રિન્સિપાલ અને પ્રોફેસરો જેમના નામ સુસાઈડ નોટ કે પ્રાથમિક તપાસમાં ખુલ્યા હોવા છતાં, પોલીસ તેમને પકડવામાં ધરાર નિષ્ફળ સાબિત થઈ છે.
પોલીસની આ નિષ્ક્રિયતાએ દલિત સમાજને આંદોલનની રાહ પકડવા મજબૂર કર્યો છે. આજે નડિયાદ ખાતે મળેલી સામાજિક અગ્રણીઓની બેઠકમાં પોલીસ પ્રશાસન સામે ઉગ્ર આક્રોશ વ્યક્ત કરવામાં આવ્યો હતો. અગ્રણીઓએ સીધો આક્ષેપ કર્યો છે કે પોલીસ વગદાર આરોપીઓને છાવરવા માટે સમય પસાર કરી રહી છે, જેથી તેઓ આગોતરા જામીન મેળવી શકે. સમાજના આગેવાનોએ સ્પષ્ટ શબ્દોમાં અલ્ટીમેટમ આપ્યું છે કે જો આગામી 24 કલાકમાં મુખ્ય આરોપીઓની ધરપકડ કરવામાં નહીં આવે, તો સમગ્ર જિલ્લામાં ચક્કાજામ અને આંદોલન છેડવામાં આવશે, જેની સંપૂર્ણ જવાબદારી નડિયાદ પોલીસ અને વહીવટી તંત્રની રહેશે.
હાલમાં પોલીસનું કહેવું છે કે તેમની વિવિધ ટીમો અન્ય જિલ્લાઓમાં અને આરોપીઓના સંભવિત ઠેકાણાઓ પર દરોડા પાડી રહી છે. પરંતુ સવાલ એ થાય છે કે ઘટનાના આટલા દિવસો સુધી આરોપીઓ ભૂગર્ભમાં કઈ રીતે રહી શકે? શું પોલીસ તેમને પકડવા માટે પૂરતી ઈચ્છાશક્તિ ધરાવતી નથી? જય પાટીલના મોતના પાંચ દિવસ બાદ પણ શૂન્ય સફળતા પોલીસની 'ઝડપી તપાસ'ના દાવાઓને પોકળ સાબિત કરે છે. જય પાટીલના પરિવારજનોની આંખમાં હજુ આસું સુકાયા નથી, ત્યાં બીજી તરફ ન્યાય માટે તેમને લડત આપવી પડી રહી છે. દલિત સમાજની આ ચીમકી બાદ હવે પોલીસ હરકતમાં આવે છે કે પછી હજુ પણ 'તપાસ ચાલુ છે' ના બહાના હેઠળ આરોપીઓને છટકબારી પૂરી પાડે છે, તે જોવાનું રહેશે. નડિયાદવાસીઓમાં પણ આ ઘટનાને લઈને ઘેરા પ્રત્યાઘાતો પડ્યા છે અને દરેકની જીભે એક જ સવાલ છે – જય પાટીલને ન્યાય ક્યારે?**રિપોર્ટ : પ્રકાશ વાઘેલા**



**નડિયાદમાં નર્સિંગ વિદ્યાર્થી જય પાટીલના આપઘાત પ્રકરણમાં પોલીસ પ્રશાસન લાચાર સાબિત થઈ રહ્યું હોય તેમ જણાય છે. ઘટનાને 5 દિવસ વીતી ગયા હોવા છતાં, રક્ષકની ભૂમિકામાં રહેલા પ્રિન્સિપાલ અને પ્રોફેસરો હજુ પણ ફરાર છે. પોલીસની ઢીલી તપાસને કારણે દલિત સમાજમાં ભારે આક્રોશ છે. સામાજિક અગ્રણીઓએ સવાલ ઉઠાવ્યો છે કે આરોપીઓને કોનું સંરક્ષણ મળી રહ્યું છે? જો આગામી 24 કલાકમાં ધરપકડ નહીં થાય તો ગાંધીચીંધ્યા માર્ગે ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપવામાં આવી છે.**

# બહુચરાજી ઠાકોર સમાજનું 35 મુદ્દાનું સામાજિક બંધારણ આજથી અમલી

**દૈનિક પલ્સ સમાચાર:** બહુચરાજી તાલુકા ક્ષત્રિય ઠાકોર સમાજ દ્વારા આજે ખાંભેલ ગામે એક મહત્વપૂર્ણ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. આ બેઠકનો મુખ્ય હેતુ સમાજમાં વ્યાપેલા કુરિવાજો દૂર કરી શિસ્તબદ્ધ સમાજનું નિર્માણ કરવાનો હતો. બેઠકમાં સર્વસંમતિથી 35 મુદ્દાના સામાજિક બંધારણને મંજૂરી આપી આજથી જ તેનો અમલ શરૂ કરી દેવાયો છે. આ નવા બંધારણમાં લગ્નપ્રસંગોને લઈને કડક સૂચનાઓ આપવામાં આવી છે. જેમાં રાત્રે 1 વાગ્યાની સમય મર્યાદા, દારૂ અને ફટાકડા પર પ્રતિબંધ, તેમજ DJ અને ભારે લાઇટિંગના બિનજરૂરી ખર્ચ પર રોક લગાવવાનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, હાઇવે કે રસ્તાઓ પર રેશ ડ્રાઇવિંગ અને વાહનોના ઘોંઘાટિયા હોર્ન વગાડવા પર પણ પ્રતિબંધ મુકાયો છે. કાર્યક્રમમાં ઉપસ્થિત ધારાસભ્ય સુખાજી ઠાકોર અને દિનેશજી ઠાકોર સહિતના આગેવાનોએ યુવાઓને આ નિયમોનું ચુસ્ત પાલન કરવા પ્રોત્સાહિત કર્યા હતા. સમાજના અગ્રણીઓએ સ્પષ્ટ કર્યું કે આ નિયમો કોઈને હેરાન કરવા માટે નહીં પરંતુ સમાજની આર્થિક સ્થિતિ સુધારવા અને એકતા મજબૂત કરવા માટે છે. બંધારણના અમલીકરણ માટે ગ્રામ સ્તરે સમિતિઓ નજર રાખશે અને ઉલ્લંઘન કરનાર સામે શિક્ષાત્મક પગલાં લેવામાં આવશે. ખાંભેલ ગામના યુવા સરપંચ વનરાજ દેસાઈ અને સ્થાનિક યુવાનોએ આ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી. **રિપોર્ટ : ભુરાજી ઝાલા**







## રાજકોટ: સફાઈ કામદારોનું શોષણ, મનપા કચેરીએ ગુંજ્યા સૂત્રોચ્ચાર

**દૈનિક પલ્સ સમાચાર:** રાજકોટ મહાનગરપાલિકાના સત્તાના સિંહાસન નીચે દબાયેલા ગરીબ સફાઈ કામદારોનો આક્રોશ આજે જ્વાળામુખી બનીને ફાટ્યો છે. જે તંત્ર 'સ્વચ્છ રાજકોટ'ના એવોર્ડ માટે કરોડો ખર્ચે છે, તે જ તંત્ર પોતાના ૫૦૦૦થી વધુ સફાઈ સૈનિકોના શોષણ સામે આંખ આડા કાન કરી રહ્યું છે. રાજકોટ કામદાર યુનિયનના નેજા હેઠળ આજે હજારો કામદારોએ મનપા કચેરીએ 'હલ્લાબોલ' કર્યો હતો અને ભ્રષ્ટ કોન્ટ્રાક્ટરો તથા સત્તાધીશોની સાંઠગાંઠનો પર્દાફાશ કર્યો હતો.
પારસ બેડિયાના નેતૃત્વમાં યોજાયેલી આ રેલીમાં કામદારોની પીડા એમના નારાઓમાં દેખાતી હતી – "બંધ કરો બંધ કરો, લોહી ચૂસવાનું બંધ કરો!" યુનિયનનો સીધો પ્રહાર છે કે ડો. બાબાસાહેબ આંબેડકરના નામ સાથે જોડાયેલી આ સંસ્થામાં જ બંધારણીય હક્કોનું હનન થઈ રહ્યું છે. સફાઈ કોન્ટ્રાક્ટર જી.ડી. અજમેરા પર કરોડો રૂપિયાના ભ્રષ્ટાચારના ગંભીર આક્ષેપો સાથે પોલીસ ફરિયાદની માંગ કરવામાં આવી છે. પ્રશ્ન એ છે કે, વિજિલન્સ તપાસના નામે માત્ર ફાઈલો જ કેમ ઘૂમાવવામાં આવે છે? ગુનેગાર કોન્ટ્રાક્ટરો જેલના સળિયા પાછળ કેમ નથી?
કામદારોની માંગણીઓની યાદી તંત્રની નિષ્ફળતાનું આખું સરવૈયું છે. ૫૩૨ કાયમી કામદારોની ભરતી જે ૨૦૨૪થી મંજૂર છે, તેને હજુ સુધી અમલમાં કેમ નથી મૂકાઈ? વારસદાર હોવાના અન્યાયી નિયમો પાછળ કયું રાજકારણ રમાઈ રહ્યું છે? આ ઉપરાંત, સ્વૈચ્છિક રાજીનામાની ફાઈલો મહિનાઓ સુધી લટકાવી રાખી કામદારોને માનસિક ત્રાસ આપવામાં આવે છે. મિત્ર મંડળ હેઠળ ચાલતા કોન્ટ્રાક્ટમાં મજૂરોને લઘુત્તમ વેતન, પીએફ કે બોનસનો લાભ મળતો નથી. યુનિયને માંગ કરી છે કે તમામ ચૂકવણી સીધી બેંક ખાતામાં થવી જોઈએ અને કામના કલાકો વધારીને તેમને ફૂલ ટાઈમ ગણવામાં આવે.
રવિવારની રજાનો અભાવ અને મફત બસ પાસ જેવી પાયાની જરૂરિયાતો માટે પણ જો શ્રમિકોને રસ્તા પર ઉતરવું પડતું હોય, તો તે મનપા તંત્ર માટે શરમજનક બાબત છે. યુનિયને મ્યુનિસિપલ કમિશનર, મેયર અને સ્ટેન્ડિંગ કમિટીને અલ્ટીમેટમ આપ્યું છે કે જો ટૂંક સમયમાં ઉકેલ નહીં આવે તો ગાંધી ચીંધ્યા માર્ગે ભૂખ હડતાળ અને અચોક્કસ મુદતનું આંદોલન છેડવામાં આવશે. જો રાજકોટમાં ગંદકીના ગંજ ખડકાશે, તો તેની સંપૂર્ણ જવાબદારી ભ્રષ્ટ વહીવટી તંત્રની રહેશે. આ લડાઈ હવે માત્ર વેતનની નથી, પણ શ્રમિકોના સ્વમાન અને ન્યાયની છે.







## તેનીવાડા પાસે જાનની કારનો અકસ્માત: વરરાજાની ગાડી ટ્રેક્ટર સાથે અથડાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** તેનીવાડા હાઇવે પર આજે વહેલી સવારે એક મોટી દુર્ઘટના બનતા રહી ગઈ હતી. રાજસ્થાનથી જાન લઈને ગુજરાત આવી રહેલા એક પરિવારની વરરાજાની કારને અકસ્માત નડતા હાઇવે પર લોકોના ટોળા ઉમટી પડ્યા હતા. રાજસ્થાનમાં લગ્ન વિધિ પૂર્ણ કરી અથવા લગ્ન માટે જઈ રહેલી આ કાર જ્યારે તેનીવાડા નજીકથી પસાર થઈ રહી હતી, ત્યારે અચાનક ટ્રેક્ટર ટ્રોલી સાથે તેની ટક્કર થઈ હતી. અકસ્માતનું મુખ્ય કારણ ડ્રાઈવરની બેદરકારી કરતા શારીરિક થાક વધુ જણાઈ રહ્યો છે. વહેલી સવારના સમયે ડ્રાઈવરને ઊંઘની ઝોક આવી ગઈ હતી, જેના પરિણામે તે હાઇવે પર જઈ રહેલા ટ્રેક્ટરને જોઈ શક્યો નહોતો અને કાર પરનો કાબૂ ગુમાવી બેઠો હતો. કાર સીધી જ ટ્રેક્ટરની પાછળની ટ્રોલી સાથે અથડાઈ હતી. ટક્કર એટલી પ્રચંડ હતી કે કારનો આગળનો ભાગ સંપૂર્ણપણે દબાઈ ગયો હતો અને એન્જિનના ભાગે ભારે નુકસાન થયું હતું. અકસ્માત થતાની સાથે જ જાનમાં રહેલી અન્ય ગાડીઓ પણ ઉભી રહી ગઈ હતી અને હાઇવે પર અફરાતફરીનો માહોલ સર્જાયો હતો. વરરાજાની ગાડી હોવાથી લોકોમાં જીવ અધ્ધર થઈ ગયા હતા. જોકે, આ અકસ્માતમાં સદનસીબે કોઈના મૃત્યુના સમાચાર પ્રાપ્ત થયા નથી, જે રાહતની વાત છે. આ ઘટના ફરી એકવાર યાદ અપાવે છે કે હાઇવે પર વહેલી સવારે મુસાફરી કરતી વખતે ડ્રાઈવરની સજગતા કેટલી મહત્વની છે. ખાસ કરીને લગ્ન પ્રસંગોમાં ઉજાગરાને કારણે ડ્રાઈવરોને ઊંઘ આવવાના કિસ્સા અવારનવાર બનતા હોય છે, જે આવા અકસ્માતોને નિમંત્રણ આપે છે. હાલમાં અકસ્માતગ્રસ્ત કારને રસ્તા પરથી ખસેડીને ટ્રાફિક હળવો કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી.
**રિપોર્ટ ભાનુભાઈ પરમાર**



## બનાસ ડેરીની મોટી કાર્યવાહી: દૂધમાં ગેરરીતી બદલ રૂટ કોન્ટ્રાક્ટરને નોટિસ

**દૈનિક પલ્સ સમાચાર:** બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ, પાલનપુર (બનાસ ડેરી) એ દૂધના સેમ્પલમાં થતી છેતરપિંડી રોકવા માટે મોટી કાર્યવાહી કરી છે. વિજીલન્સ ટીમે તાજેતરમાં રૂટ નંબર 461 હેઠળ આવતી 'ધી શેરાઉ મહિલા મંડળી' ખાતે આકસ્મિક તપાસ હાથ ધરી હતી. સીસીટીવી ફૂટેજની ચકાસણી દરમિયાન મંડળીના કર્મચારીઓ અને રૂટના ડ્રાઈવર વચ્ચેની મિલીભગત સામે આવી છે. તપાસમાં ખુલાસો થયો છે કે મંડળીના ટેસ્ટરો દૂધના અસલી સેમ્પલને બદલે અગાઉથી તૈયાર રાખેલા ઉંચા ફેટવાળા સેમ્પલ ગોઠવી દેતા હતા. આ ગેરરીતીમાં ડ્રાઈવર ઠાકોર અલ્પેશભાઈએ કબૂલાત કરી છે કે તેને આ કામ માટે મંડળીના ટેસ્ટર ચૌધરી નરસિંહભાઈ અને માઘાભાઈ દ્વારા નિયમિત રૂ. 300 આપવામાં આવતા હતા. આ છેતરપિંડીને કારણે રૂટની અન્ય સહકારી મંડળીઓને મળતા દૂધના ભાવ અને સંઘની આવક પર માઠી અસર પડી છે. આ ગંભીર બેદરકારી બદલ સંઘે ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર હરેશભાઈ વાઘાજી ચૌધરીને કારણદર્શક નોટિસ પાઠવી છે. સંઘના આદેશ મુજબ, આ ગેરરીતીથી થયેલું તમામ આર્થિક નુકસાન અને પેનલ્ટીની રકમ કોન્ટ્રાક્ટરના માસિક બિલમાંથી વસૂલવામાં આવશે. આ અંગેની જાણ થરાદના વિભાગીય અધિકારી અને ઝોનલ અધિકારીને પણ કરી દેવામાં આવી છે.
**રિપોર્ટ ભાનુભાઈ પરમાર**



**બનાસ ડેરી દ્વારા રૂટ નં. 461 પર દૂધના સેમ્પલમાં ગેરરીતી બદલ ટ્રાન્સપોર્ટ કોન્ટ્રાક્ટર હરેશભાઈ ચૌધરીને સખત નોટિસ અપાઈ છે. વિજીલન્સ તપાસમાં ડ્રાઈવર અને મંડળીના ટેસ્ટરની મિલીભગતથી ફેટમાં છેતરપિંડી થતી હોવાનું ખુલતા સંઘ દ્વારા આર્થિક દંડ અને રિકવરીની સૂચના અપાઈ છે.**

# રાજપીપલા: 'હાથીપગા મુક્ત' અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

## રાજપીપલા: હાથીપગા મુક્ત અભિયાનમાં ધારાસભ્યની હાજરી

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાને આરોગ્યપ્રદ અને રોગમુક્ત બનાવવાના સંકલ્પ સાથે શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય ખાતે 'હાથીપગા મુક્ત' (Lymphatic Filariasis) અભિયાન અંતર્ગત ભવ્ય જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમને સંબોધતા ડૉ. દર્શનાબેન દેશમુખે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, હાથીપગા જેવો ગંભીર રોગ ન થાય તે માટે અગાઉથી સાવચેતી રાખવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર દ્વારા આપવામાં આવતી ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલ ગોળીઓ રસી જેવું કામ કરે છે અને ૨ વર્ષથી ઉપરના તમામ તંદુરસ્ત નાગરિકોએ તેનું સેવન કરવું જોઈએ. આ અભિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં લોકકલ્યાણના હેતુથી ચલાવવામાં આવી રહ્યું છે. ધારાસભ્યશ્રીએ લોકોને અપીલ કરી હતી કે જ્યારે આરોગ્ય કાર્યકરો તમારા ઘરે આવે ત્યારે કોઈ પણ ડર વગર આ દવાઓ લો.

આ કાર્યક્રમમાં જનભાગીદારીનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું જ્યારે શાળાની વિદ્યાર્થીની કૃપાબેન વસાવાએ મંચ પરથી પોતાના અનુભવો શેર કર્યા. કૃપાબેને જણાવ્યું કે મહાનુભાવો પાસેથી માહિતી મેળવ્યા બાદ તેણે પોતે આ દવાઓ લીધી છે અને હવે તે પોતાના પાડોશીઓ અને સંબંધીઓને પણ આ ગોળીઓ ગળવા માટે પ્રોત્સાહિત કરશે. વહીવટી વિગતો મુજબ, આ અભિયાન નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડિયાપાડા તાલુકા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અંદાજે ૨૮૩ ગામોની ૩.૩૭ લાખથી વધુ વસ્તીને સુરક્ષિત કરવા માટે આરોગ્ય વિભાગની ૪૮૭ વિશેષ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમો ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી સતત કાર્યરત રહેશે અને દરેક ઘરની મુલાકાત લેશે. આરોગ્ય કર્મીઓ નાગરિકોની પ્રત્યક્ષ હાજરીમાં દવાઓ ગળાવવાની કામગીરી કરશે, જેથી મહત્તમ પરિણામ મેળવી શકાય. નર્મદા જિલ્લાને આગામી વર્ષ સુધીમાં સંપૂર્ણ 'ફાઈલેરિયા મુક્ત' જાહેર કરવાની દિશામાં આ એક નિર્ણાયક પગલું છે. **રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની અધ્યક્ષતામાં 'હાથીપગા મુક્ત' જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ૨ વર્ષથી ઉપરના નાગરિકોને ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલની ગોળીઓ આપી સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલનારા આ અભિયાનમાં ૪૮૭ ટીમો નાંદોદ અને ડેડિયાપાડાના ૨૮૩ ગામોમાં ઘરે-ઘરે જઈને દવા ગળાવશે. વિદ્યાર્થીઓએ પણ આ ઝુંબેશમાં જોડાઈને લોકોને દવા લેવા અપીલ કરી હતી.**

# ડાંગ દરબાર ૨૦૨૬: ઐતિહાસિક મેળાના આયોજન માટે સમિતિ રચાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાની ભાતીગળ સંસ્કૃતિને જીવંત રાખતા 'ડાંગ દરબાર'ના આગમનની તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે. આગામી ૨૬ ફેબ્રુઆરી થી ૦૩ માર્ચ, ૨૦૨૬ દરમિયાન આહવા ખાતે આ ઐતિહાસિક મેળો યોજાય તેવી શક્યતા છે. આ સંદર્ભે જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર શાલિની દુહાનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ કામગીરી માટે ચુંદા અધિકારીઓની સમિતિઓ બનાવવામાં આવી છે.

આ મેળાનું મુખ્ય આકર્ષણ ડાંગના પાંચ રાજવીઓનું ભવ્ય સન્માન અને તેમને પોલિટિકલ પેન્શન આપવાની વર્ષો જૂની પરંપરા છે. આ પ્રસંગે રાજ્યના રાજ્યપાલશ્રી વિશેષ ઉપસ્થિત રહેતા હોય છે. કલેક્ટરે આ બેઠકમાં મેળાના ઉદ્ઘાટન સમારોહ, ભવ્ય શોભાયાત્રા, મેળાના પ્લોટની ફાળવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને મેળામાં આવતા પ્રજાજનોની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી અને સેનિટેશનની વ્યવસ્થા જળવાય તે માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ અને અન્ય વન વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓને પરસ્પર સંકલન સાધીને મેળાને યાદગાર અને સુવિધાજનક બનાવવા અપીલ કરવામાં આવી છે. ડાંગની પરંપરા અને આધુનિક વ્યવસ્થાનો સમન્વય આ મેળામાં જોવા મળશે. **રિપોર્ટ : સચિન પવાર**









# સાપુતારા ૧૦૮ની ટીમે જટિલ કેસમાં માતા-બાળકનો જીવ બચાવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ડાંગ જિલ્લામાં ૧૦૮ ઇમરજન્સી સેવાની ટીમે ફરી એકવાર સાબિત કર્યું છે કે તેઓ છેવાડાના માનવી માટે આશીર્વાદ સમાન છે. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાપુતારા લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે પોતાની સૂઝબૂઝ અને તબીબી કુશળતાથી એક અત્યંત જટિલ કેસમાં માતા અને નવજાત બાળકનો જીવ બચાવીને પ્રશંસનીય કામગીરી કરી છે.

ઘટનાની વિગતો એવી છે કે માલેગામથી ૨૨ વર્ષીય પ્રસુતા જાગૃતીબેન જીગ્નેશભાઈ ગાયકવાડને પ્રસવ પીડા ઉપડતા ૧૦૮ ને કોલ કરવામાં આવ્યો હતો. ટીમ તાત્કાલિક માલેગામ પહોંચી હતી અને પ્રસુતાને હોસ્પિટલ લઈ જવાની તજવીજ હાથ ધરી હતી. જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ શામગહાન અને માલેગામ વચ્ચે જાગૃતીબેનની પીડા અસહ્ય બની ગઈ હતી. ઈ.એમ.ટી. મિથુન પવારે જ્યારે તપાસ કરી ત્યારે જણાયું કે પરિસ્થિતિ સામાન્ય નથી; ગર્ભમાં રહેલા બાળકના ગળામાં ગર્ભનાડ વીંટળાયેલી હતી, જે બાળકના જીવ માટે જોખમી હતી. આ ઉપરાંત માતાને હાઈ બ્લડ પ્રેશર અને શરીરે સોજા જેવી અન્ય શારીરિક સમસ્યાઓ હોવાથી કેસ ઘણો જટિલ બની ગયો હતો. આ કપરી પરિસ્થિતિમાં જરા પણ ગભરાયા વગર ઈ.એમ.ટી. મિથુન પવાર અને પાયલોટ અશોક દેશમુખે સમયસૂચકતા વાપરી એમ્બ્યુલન્સને રસ્તાની બાજુએ સુરક્ષિત રીતે ઉભી રાખી દીધી હતી. તેમણે તાત્કાલિક અમદાવાદ હેડ ઓફિસના ડો. રુચિ મેડમનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો. ડોક્ટરના સતત માર્ગદર્શન હેઠળ જરૂરી જીવનરક્ષક દવાઓ અને ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. માતાને શ્વાસ લેવામાં તકલીફ ન પડે તે માટે ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા. અંતે, ૧૦૮ની ટીમની કુશળતા અને અમદાવાદથી મળેલા સચોટ માર્ગદર્શનને કારણે રસ્તામાં જ એમ્બ્યુલન્સની અંદર સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. માતા અને બાળક બંને સુરક્ષિત હોવાનું જણાતા ટીમે રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ બંનેને વધુ દેખરેખ અને સારવાર માટે સી.એચ.સી. શામગહાન ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રસૂતિ બાદ પરિવારના સભ્યોની આંખમાં ખુશીના આંસુ હતા અને તેમણે ૧૦૮ની ટીમનો અંતરપૂર્વક આભાર માન્યો હતો. આ ઉમદા કામગીરીની જાણ થતા ૧૦૮ ના ઈ.એમ.ઈ. વિજય ગામીત અને પી.એમ. હેમંત સોલંકીએ ફિલ્ડમાં જઈને આખી ટીમને બિરદાવી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. **રિપોર્ટ : સચિન પવાર**








# આહવા: સરકારી કોલેજમાં 'બજેટ ટોક' હેઠળ વિદ્યાર્થીઓને માર્ગદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના NSS વિભાગ દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે "BUDGET TALK@CAMPUS" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સંગઠન મંત્રી શ્રી સંજયભાઈ પાટીલે વિશેષ હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આ બજેટ યુવા પેઢીના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે, જે આવનારા સમયમાં રોજગારીની નવી તકો ઉભી કરશે. કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રાધ્યાપક ઉમેશકુમાર ચૌધરીએ અર્થશાસ્ત્રના દૃષ્ટિકોણથી બજેટનું વિશ્લેષણ કર્યું હતું. તેમણે અંદાજપત્રના ઉદ્દેશ્યો અને આવક-ખર્ચના વિવિધ સ્ત્રોતો વિશે સમજાવ્યું હતું. ખાસ કરીને Union Budget-2026 માં સરકારની આવકના મુખ્ય સ્ત્રોત તરીકે ૨૧ ટકા ઇન્કમ ટેક્સ અને ૧૫ ટકા GST ના યોગદાનની ચર્ચા કરી હતી. તેમણે રૂપિયા ક્યાંથી આવે છે અને કયા ક્ષેત્રોમાં વિકાસ માટે વાપરવામાં આવે છે તેની વિગતવાર પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરી હતી. આ ઉપરાંત, બજેટ ૨૦૨૬-૨૭ ની મુખ્ય લાક્ષણિકતાઓ જેવી કે MSME ક્ષેત્રને પ્રોત્સાહન, શહેરી વિકાસની નવી યોજનાઓ, પ્રવાસન ક્ષેત્રે વૃદ્ધિ અને વ્યાપાર કરવાની સરળતા (Ease of Doing Business) વિશે વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી. આ શૈક્ષણિક સેમિનાર દ્વારા આહવા કોલેજના વિદ્યાર્થીઓ દેશની આર્થિક સ્થિતિ અને ભવિષ્યના વિકાસલક્ષી આયોજનોથી માહિતગાર થયા હતા.




# વઘઇ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ કઠોળ દિવસની ઉજવણી કરાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લામાં ખેતી અને પશુપાલનને વેગ આપવા માટે કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ દ્વારા ૧૦ ફેબ્રુઆરીના રોજ "વિશ્વ કઠોળ દિવસ" નિમિત્તે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને કેન્દ્રના વડા ડો. જે. બી. ડોબરીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં કઠોળના પાકોની ઉપયોગિતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન હાજર વૈજ્ઞાનિકોએ ખેડૂતમિત્રોને જણાવ્યું હતું કે કઠોળ એ માનવ આહારમાં પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત છે. ડાંગ જિલ્લાની આબોહવાને અનુરૂપ તુવેર, ચણા, વટાણા અને અડદ જેવા પાકોનું જો વૈજ્ઞાનિક પદ્ધતિથી વાવેતર કરવામાં આવે, તો ઓછા ખર્ચે વધુ નફો મેળવી શકાય છે. ખેડૂતોને બિયારણની પસંદગી, ખાતર વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણ વિશે પણ ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉજવણીના ભાગરૂપે કઠોળની ખેતીને પ્રોત્સાહન આપતી ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી, જે ખેડૂતો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઉપરાંત, ખેતીની આધુનિક માહિતી ધરાવતા ફોલ્ડરનું વિતરણ પણ કરાયું હતું. ૨૫ થી વધુ પ્રગતિશીલ મહિલા અને પુરુષ ખેડૂતોએ આ કાર્યક્રમમાં હાજર રહી કઠોળ વર્ગના પાકોનું વાવેતર વધારવા અને ડાંગને કઠોળ ઉત્પાદનમાં અગ્રેસર બનાવવા માટેની સમજ મેળવી હતી. **રિપોર્ટ : સચિન પવાર**




**ડાંગ જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ ખાતે ૧૦ ફેબ્રુઆરીએ "વિશ્વ કઠોળ દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. જે. બી. ડોબરીયાના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને કઠોળના પાકોનું મહત્વ, પોષક તત્વો અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.**

# રાજપીપલા: 'હાથીપગા મુક્ત' અભિયાન અંતર્ગત જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો

## રાજપીપલા: હાથીપગા મુક્ત અભિયાનમાં ધારાસભ્યની હાજરી

**દૈનિક પલ્સ સમાચાર:** નર્મદા જિલ્લાને આરોગ્યપ્રદ અને રોગમુક્ત બનાવવાના સંકલ્પ સાથે શ્રી મહારાજા રાજેન્દ્રસિંહજી વિદ્યાલય ખાતે 'હાથીપગા મુક્ત' (Lymphatic Filariasis) અભિયાન અંતર્ગત ભવ્ય જનજાગૃતિ કાર્યક્રમ યોજાયો હતો. નાંદોદના ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની પ્રેરક ઉપસ્થિતિમાં યોજાયેલા આ કાર્યક્રમમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ અને શાળાના વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં જોડાયા હતા. કાર્યક્રમને સંબોધતા ડૉ. દર્શનાબેન દેશમુખે ભાર પૂર્વક જણાવ્યું હતું કે, હાથીપગા જેવો ગંભીર રોગ ન થાય તે માટે અગાઉથી સાવચેતી રાખવી એ જ શ્રેષ્ઠ ઉપાય છે. તેમણે સ્પષ્ટ કર્યું કે સરકાર દ્વારા આપવામાં આવતી ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલ ગોળીઓ રસી જેવું કામ કરે છે અને ૨ વર્ષથી ઉપરના તમામ તંદુરસ્ત નાગરિકોએ તેનું સેવન કરવું જોઈએ.

આ અભિયાન મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ ગુજરાતભરમાં લોકકલ્યાણના હેતુથી ચલાવવામાં આવી રહ્યું છે. ધારાસભ્યશ્રીએ લોકોને અપીલ કરી હતી કે જ્યારે આરોગ્ય કાર્યકરો તમારા ઘરે આવે ત્યારે કોઈ પણ ડર વગર આ દવાઓ લો.

આ કાર્યક્રમમાં જનભાગીદારીનું સુંદર ઉદાહરણ જોવા મળ્યું જ્યારે શાળાની વિદ્યાર્થીની કૃપાબેન વસાવાએ મંચ પરથી પોતાના અનુભવો શેર કર્યા. કૃપાબેને જણાવ્યું કે મહાનુભાવો પાસેથી માહિતી મેળવ્યા બાદ તેણે પોતે આ દવાઓ લીધી છે અને હવે તે પોતાના પાડોશીઓ અને સંબંધીઓને પણ આ ગોળીઓ ગળવા માટે પ્રોત્સાહિત કરશે. વહીવટી વિગતો મુજબ, આ અભિયાન નર્મદા જિલ્લાના નાંદોદ અને ડેડિયાપાડા તાલુકા પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરી રહ્યું છે. અંદાજે ૨૮૩ ગામોની ૩.૩૭ લાખથી વધુ વસ્તીને સુરક્ષિત કરવા માટે આરોગ્ય વિભાગની ૪૮૭ વિશેષ ટીમો બનાવવામાં આવી છે. આ ટીમો ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી સતત કાર્યરત રહેશે અને દરેક ઘરની મુલાકાત લેશે. આરોગ્ય કર્મીઓ નાગરિકોની પ્રત્યક્ષ હાજરીમાં દવાઓ ગળાવવાની કામગીરી કરશે, જેથી મહત્તમ પરિણામ મેળવી શકાય. નર્મદા જિલ્લાને આગામી વર્ષ સુધીમાં સંપૂર્ણ 'ફાઈલેરિયા મુક્ત' જાહેર કરવાની દિશામાં આ એક નિર્ણાયક પગલું છે. **રિપોર્ટ : વસીમ મેમન**



**નર્મદા જિલ્લાના રાજપીપલા ખાતે ધારાસભ્ય ડૉ. દર્શનાબેન દેશમુખની અધ્યક્ષતામાં 'હાથીપગા મુક્ત' જનજાગૃતિ અભિયાન યોજાયું હતું. આ પ્રસંગે તેમણે જણાવ્યું કે, આરોગ્ય વિભાગ દ્વારા ૨ વર્ષથી ઉપરના નાગરિકોને ડી.ઈ.સી. અને આલ્બેન્ડાઝોલની ગોળીઓ આપી સુરક્ષા કવચ પૂરું પાડવામાં આવી રહ્યું છે. ૧૨ ફેબ્રુઆરી ૨૦૨૬ સુધી ચાલનારા આ અભિયાનમાં ૪૮૭ ટીમો નાંદોદ અને ડેડિયાપાડાના ૨૮૩ ગામોમાં ઘરે-ઘરે જઈને દવા ગળાવશે. વિદ્યાર્થીઓએ પણ આ ઝુંબેશમાં જોડાઈને લોકોને દવા લેવા અપીલ કરી હતી.**

# ડાંગ દરબાર ૨૦૨૬: ઐતિહાસિક મેળાના આયોજન માટે સમિતિ રચાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાની ભાતીગળ સંસ્કૃતિને જીવંત રાખતા 'ડાંગ દરબાર'ના આગમનની તૈયારીઓ વહીવટી તંત્ર દ્વારા આરંભી દેવામાં આવી છે. આગામી ૨૬ ફેબ્રુઆરી થી ૦૩ માર્ચ, ૨૦૨૬ દરમિયાન આહવા ખાતે આ ઐતિહાસિક મેળો યોજાય તેવી શક્યતા છે. આ સંદર્ભે જિલ્લા સેવા સદન ખાતે કલેક્ટર શાલિની દુહાનની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી, જેમાં વિવિધ કામગીરી માટે ચુનંદા અધિકારીઓની સમિતિઓ બનાવવામાં આવી છે.

આ મેળાનું મુખ્ય આકર્ષણ ડાંગના પાંચ રાજવીઓનું ભવ્ય સન્માન અને તેમને પોલિટિકલ પેન્શન આપવાની વર્ષો જૂની પરંપરા છે. આ પ્રસંગે રાજ્યના રાજ્યપાલશ્રી વિશેષ ઉપસ્થિત રહેતા હોય છે. કલેક્ટરે આ બેઠકમાં મેળાના ઉદ્ઘાટન સમારોહ, ભવ્ય શોભાયાત્રા, મેળાના પ્લોટની ફાળવણી અને સાંસ્કૃતિક કાર્યક્રમોના આયોજન અંગે વિસ્તૃત માર્ગદર્શન આપ્યું હતું. ખાસ કરીને મેળામાં આવતા પ્રજાજનોની સુરક્ષા, ટ્રાફિક વ્યવસ્થા, પીવાનું શુદ્ધ પાણી અને સેનિટેશનની વ્યવસ્થા જળવાય તે માટે વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. આ બેઠકમાં જિલ્લા વિકાસ અધિકારી કે.એસ.વસાવા, જિલ્લા પોલીસ વડા પૂજા યાદવ અને અન્ય વન વિભાગના અધિકારીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. તમામ અધિકારીઓને પરસ્પર સંકલન સાધીને મેળાને યાદગાર અને સુવિધાજનક બનાવવા અપીલ કરવામાં આવી છે. ડાંગની પરંપરા અને આધુનિક વ્યવસ્થાનો સમન્વય આ મેળામાં જોવા મળશે. **રિપોર્ટ : સચિન પવાર**







# સાપુતારા ૧૦૮ની ટીમે જટિલ કેસમાં માતા-બાળકનો જીવ બચાવ્યો

**દૈનિક પલ્સ સમાચાર:** મુશ્કેલ ભૌગોલિક પરિસ્થિતિ ધરાવતા ડાંગ જિલ્લામાં ૧૦૮ ઇમરજન્સી સેવાની ટીમે ફરી એકવાર સાબિત કર્યું છે કે તેઓ છેવાડાના માનવી માટે આશીર્વાદ સમાન છે. ૦૯ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ સાપુતારા લોકેશનની ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમે પોતાની સૂઝબૂઝ અને તબીબી કુશળતાથી એક અત્યંત જટિલ કેસમાં માતા અને નવજાત બાળકનો જીવ બચાવીને પ્રસંશનીય કામગીરી કરી છે.

ઘટનાની વિગતો એવી છે કે માલેગામથી ૨૨ વર્ષીય પ્રસુતા જાગૃતીબેન જીગ્નેશભાઈ ગાયકવાડને પ્રસવ પીડા ઉપડતા ૧૦૮ ને કોલ કરવામાં આવ્યો હતો. ટીમ તાત્કાલિક માલેગામ પહોંચી હતી અને પ્રસુતાને હોસ્પિટલ લઈ જવાની તજવીજ હાથ ધરી હતી. જોકે, હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ શામગહાન અને માલેગામ વચ્ચે જાગૃતીબેનની પીડા અસહ્ય બની ગઈ હતી. ઈ.એમ.ટી. મિથુન પવારે જ્યારે તપાસ કરી ત્યારે જણાયું કે પરિસ્થિતિ સામાન્ય નથી; ગર્ભમાં રહેલા બાળકના ગળામાં ગર્ભનાડ વીંટળાયેલી હતી, જે બાળકના જીવ માટે જોખમી હતી. આ ઉપરાંત માતાને હાઈ બ્લડ પ્રેશર અને શરીરે સોજા જેવી અન્ય શારીરિક સમસ્યાઓ હોવાથી કેસ ઘણો જટિલ બની ગયો હતો. આ કપરી પરિસ્થિતિમાં જરા પણ ગભરાયા વગર ઈ.એમ.ટી. મિથુન પવાર અને પાયલોટ અશોક દેશમુખે સમયસૂચકતા વાપરી એમ્બ્યુલન્સને રસ્તાની બાજુએ સુરક્ષિત રીતે ઉભી રાખી દીધી હતી. તેમણે તાત્કાલિક અમદાવાદ હેડ ઓફિસના ડો. રુચિ મેડમનો ટેલિફોનિક સંપર્ક કર્યો હતો. ડોક્ટરના સતત માર્ગદર્શન હેઠળ જરૂરી જીવનરક્ષક દવાઓ અને ઈન્જેક્શન આપવામાં આવ્યા હતા. માતાને શ્વાસ લેવામાં તકલીફ ન પડે તે માટે ઓક્સિજન સપોર્ટ પર રાખવામાં આવ્યા હતા.

અંતે, ૧૦૮ની ટીમની કુશળતા અને અમદાવાદથી મળેલા સચોટ માર્ગદર્શનને કારણે રસ્તામાં જ એમ્બ્યુલન્સની અંદર સફળ પ્રસૂતિ કરાવવામાં આવી હતી. માતા અને બાળક બંને સુરક્ષિત હોવાનું જણાતા ટીમે રાહતનો શ્વાસ લીધો હતો. ત્યારબાદ બંનેને વધુ દેખરેખ અને સારવાર માટે સી.એચ.સી. શામગહાન ખાતે ખસેડવામાં આવ્યા હતા. પ્રસૂતિ બાદ પરિવારના સભ્યોની આંખમાં ખુશીના આંસુ હતા અને તેમણે ૧૦૮ની ટીમનો અંતરપૂર્વક આભાર માન્યો હતો. આ ઉમદા કામગીરીની જાણ થતા ૧૦૮ ના ઈ.એમ.ઈ. વિજય ગામીત અને પી.એમ. હેમંત સોલંકીએ ફિલ્ડમાં જઈને આખી ટીમને બિરદાવી હતી અને તેમને પ્રોત્સાહિત કર્યા હતા. **રિપોર્ટ : સચિન પવાર**






# આહવા: સરકારી કોલેજમાં 'બજેટ ટોક' હેઠળ વિદ્યાર્થીઓને માર્ગદર્શન

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લાની સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ આહવાના NSS વિભાગ દ્વારા કેન્દ્રીય બજેટ ૨૦૨૬ અંગે વિદ્યાર્થીઓમાં જાગૃતિ લાવવા માટે "BUDGET TALK@CAMPUS" કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કોલેજના આચાર્યના માર્ગદર્શન હેઠળ યોજાયેલા આ કાર્યક્રમમાં સંગઠન મંત્રી શ્રી સંજયભાઈ પાટીલે વિશેષ હાજરી આપી હતી. તેમણે વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે આ બજેટ યુવા પેઢીના સર્વાંગી વિકાસને કેન્દ્રમાં રાખીને તૈયાર કરવામાં આવ્યું છે, જે આવનારા સમયમાં રોજગારીની નવી તકો ઉભી કરશે. કાર્યક્રમના મુખ્ય વક્તા પ્રાધ્યાપક ઉમેશકુમાર ચૌધરીએ અર્થશાસ્ત્રના દૃષ્ટિકોણથી બજેટનું વિશ્લેષણ કર્યું હતું. તેમણે અંદાજપત્રના ઉદ્દેશ્યો અને આવક-ખર્ચના વિવિધ સ્ત્રોતો વિશે સમજાવ્યું હતું. ખાસ કરીને Union Budget-2026 માં સરકારની આવકના મુખ્ય સ્ત્રોત તરીકે ૨૧ ટકા ઇન્કમ ટેક્સ અને ૧૫ ટકા GST ના યોગદાનની ચર્ચા કરી હતી. તેમણે રૂપિયા ક્યાંથી આવે છે અને કયા ક્ષેત્રોમાં વિકાસ માટે વાપરવામાં આવે છે તેની વિગતવાર પી.પી.ટી. પ્રેઝન્ટેશન દ્વારા રજૂઆત કરી હતી. આ ઉપરાંત, બજેટ ૨૦૨૬-૨૭ ની મુખ્ય લાક્ષણિકતાઓ જેવી કે MSME ક્ષેત્રને પ્રોત્સાહન, શહેરી વિકાસની નવી યોજનાઓ, પ્રવાસન ક્ષેત્રે વૃદ્ધિ અને વ્યાપાર કરવાની સરળતા (Ease of Doing Business) વિશે વિદ્યાર્થીઓને ઊંડાણપૂર્વક સમજ પૂરી પાડવામાં આવી હતી. આ શૈક્ષણિક સેમિનાર દ્વારા આહવા કોલેજના વિદ્યાર્થીઓ દેશની આર્થિક સ્થિતિ અને ભવિષ્યના વિકાસલક્ષી આયોજનોથી માહિતગાર થયા હતા.




# વઘઇ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વિશ્વ કઠોળ દિવસની ઉજવણી કરાઈ

**દૈનિક પલ્સ સમાચાર:** ડાંગ જિલ્લામાં ખેતી અને પશુપાલનને વેગ આપવા માટે કાર્યરત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ દ્વારા ૧૦ ફેબ્રુઆરીના રોજ "વિશ્વ કઠોળ દિવસ" નિમિત્તે વિશેષ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. વરિષ્ઠ વૈજ્ઞાનિક અને કેન્દ્રના વડા ડો. જે. બી. ડોબરીયાની અધ્યક્ષતામાં યોજાયેલા આ કાર્યક્રમમાં કઠોળના પાકોની ઉપયોગિતા પર ભાર મૂકવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન હાજર વૈજ્ઞાનિકોએ ખેડૂતમિત્રોને જણાવ્યું હતું કે કઠોળ એ માનવ આહારમાં પ્રોટીનનો મુખ્ય સ્ત્રોત છે. ડાંગ જિલ્લાની આબોહવાને અનુરૂપ તુવેર, ચણા, વટાણા અને અડદ જેવા પાકોનું જો વૈજ્ઞાનિક પદ્ધતિથી વાવેતર કરવામાં આવે, તો ઓછા ખર્ચે વધુ નફો મેળવી શકાય છે. ખેડૂતોને બિયારણની પસંદગી, ખાતર વ્યવસ્થાપન અને જીવાત નિયંત્રણ વિશે પણ ટેકનિકલ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

ઉજવણીના ભાગરૂપે કઠોળની ખેતીને પ્રોત્સાહન આપતી ટૂંકી ફિલ્મ દર્શાવવામાં આવી હતી, જે ખેડૂતો માટે આકર્ષણનું કેન્દ્ર બની હતી. ઉપરાંત, ખેતીની આધુનિક માહિતી ધરાવતા ફોલ્ડરનું વિતરણ પણ કરાયું હતું. ૨૫ થી વધુ પ્રગતિશીલ મહિલા અને પુરુષ ખેડૂતોએ આ કાર્યક્રમમાં હાજર રહી કઠોળ વર્ગના પાકોનું વાવેતર વધારવા અને ડાંગને કઠોળ ઉત્પાદનમાં અગ્રેસર બનાવવા માટેની સમજ મેળવી હતી.

**રિપોર્ટ : સચિન પવાર**




**ડાંગ જિલ્લાના કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, વઘઇ ખાતે ૧૦ ફેબ્રુઆરીએ "વિશ્વ કઠોળ દિવસ"ની ઉજવણી કરવામાં આવી હતી. વરિષ્ઠ વૈજ્ઞાનિક ડો. જે. બી. ડોબરીયાના માર્ગદર્શન હેઠળ ખેડૂતોને કઠોળના પાકોનું મહત્વ, પોષક તત્વો અને વૈજ્ઞાનિક ખેતી પદ્ધતિ વિશે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.**